● સળંગ અંક ૫૩૮ ● ઓક્ટોબર : ૨૦૧૮ ● વર્ષ : ૪૫ ● અંક : ૧૦

# JAISHUKLESHWER

# જય શુક્લેશ્વર



## અનાવિલ સર્જકો ૧૭

શ્રી શુકલેશ્વર મહાદેવ મંડળ પ્રકાશન - અનાવલ

**શ્રી શુકલેશ્વર મહાદેવ મંડળ**
**અનાવલ પ્રકાશન**
**જય શુક્લેશ્વર**

● કાર્યાલય ●
**શુકલેશ્વરધામ, અનાવલ**
તા. મહુવા, જિ. સુરત - ૩૯૬ ૫૧૦.
ફોન : (૦૨૬૨૫) ૨૫૨૨૪૦, ૨૫૨૧૨૮
મો. ૯૪૨૬૨ ૧૫૨૪૦, પૂજા માટે : ૨૫૨૫૭૧

● સંપાદક ●
**પ્રિ. ડૉ. ઈશ્વરચંદ્ર મ. દેસાઈ**
એ/૭-૮, ગૌતમ એપાર્ટમેન્ટ,
મોરારજી દેસાઈ માર્ગ, બીલીમોરા-૩૯૬ ૩૨૧
ફોન : (૦૨૬૩૪) ૨૮૪૦૬૮/૨૮૯૮૦૫
E-mail : imdesaibim@gmail.com

● સંકલન કર્તા ●
ડૉ. પ્રફુલભાઈ દેસાઈ
સુરત
મો. ૯૮૭૯૪ ૧૬૯૦૨

● સહ સંપાદક ●
શ્રી દિલીપભાઈ દેસાઈ — વડોદરા. — ફોન : (૦૨૬૫) ૨૪૮૬૬૬૫
પ્રા. શ્રી જશુભાઈ નાયક — નવસારી. — ફોન : (૦૨૬૩૭) ૨૫૯૨૮૫

● પ્રમુખ ●
**શ્રી સુમંતરાય મો. નાયક**
પોંસરા.
મો. ૯૮૨૫૧ ૮૩૧૭૭

● મંત્રી ●
**શ્રી જીતેન્દ્રભાઈ ધી. મહેતા**
પીપલધરા.
મો. ૯૯૨૪૫ ૪૪૮૫૬

**''જય શુકલેશ્વર'' લવાજમ શુભેચ્છા રકમ**

દેશમાં ૪,૦૦૦/- રૂા., નિભાવ રૂા. ૧,૦૦૦/-

● "જય શુકલેશ્વર"માં પ્રકાશિત લેખો, સમાચારો તેમજ જાહેરાતો માટેની જવાબદારી જે તે છપાવનાર સંબંધકર્તાની રહેશે. પ્રકાશક, સંપાદક કે શુ. મ. મંડળએ માટે જવાબદાર ગણાશે નહીં.

**અંકમાં શરત ચૂકથી છાપકામમાં થયેલ ભૂલને આગામી અંકમાં ભૂલ સુધાર તરીકે છાપવામાં આવશે.**

● દર માસની ૯ તારીખે અંક પ્રસિધ્ધ થાય છે.
● ૭ તારીખ સુધીમાં અનાવલ ઓફિસે મળેલ લેખો, સમાચારો, જાહેરાતોને આગામી અંકોમાં અવકાશે સ્થાન આપવામાં આવશે.
● અંકમાં છપાયેલ સામગ્રી બીજે છાપવા માટે શુ.મ.મંડળની પરવાનગી અનિવાર્ય.

**'જય શુકલેશ્વર'માં જાહેરાતની શુભેચ્છા રકમ જૂન-૨૦૧૮ થી સૂચિપત્ર**

| પેઈજ | વાર્ષિક | માસિક |
|---|---|---|
| કવર પેઈજ - ૪ | ૬૦,૦૦૦ થી વધુ | --- |
| કવર પેઈજ - ૩ | ૫૦,૦૦૦ થી વધુ | --- |
| કવર પેઈજ - ૨ | ૫૦,૦૦૦ થી વધુ | --- |
| અંદરનું પાનું આખું | ૨૮,૦૦૦ | ૩,૦૦૦ |
| અંદરનું પાનું અડધું | ૨૦,૦૦૦ | ૨,૦૦૦ |
| અંદરનું પાનું અડધું (ફક્ત લગ્ન વિષયક) | | ૧,૫૦૦ |

**● શ્રી શુકલેશ્વર મહાદેવ મંડળ ટ્રસ્ટનાં દાનો માટે ખાસ નોંધ ●**

શ્રી શુકલેશ્વર મહાદેવ મંદિર ધામના વિકાસ તેમજ આપણા ઈષ્ટદેવની નિશ્રામાં ચાલતાં વિવિધ સામાજીક કાર્યો માટે દાનો સ્વીકારવામાં આવે છે. આ દાનો અંગેની જાણકારી ટ્રસ્ટી પદાધિકારીઓનો સંપર્ક સાધી મેળવી શકાય છે. વિવિધ દાનો 'શ્રી શુકલેશ્વર મહાદેવ મંડળ'ના નામ ના ક્રોસ ઑર્ડર એકાઉન્ટપેયી ડી.ડી./ચેકથી મોકલાવી શકાય છે.

**''જય શુકલેશ્વર''માં જાહેરાત કે લવાજમ શુભેચ્છા રકમ ''શ્રી શુકલેશ્વર મહાદેવ મંડળ''ના નામના ડિમાન્ડ ડ્રાફ્ટ/ચેક દ્વારા અનાવલ શુકલેશ્વર ધામ મોકલાવી શકાય છે.**

## અનુક્રમણિકા

| | | | |
|---|---|---|---|
| ૧. | સંપાદકીય | - ઈશ્વરચંદ્ર | ૪ |
| ૨. | અવધૂત ચિંતન શ્રી ગુરૂદેવ દત્ત ગુરુપૂર્ણિમાનું ચિંતન | - વાસંતીબેન નાયક | ૫ |
| ૩. | સૂતેલા ગુજરાતને બેઠું કરનાર | - નારાયણ દેસાઈ | ૮ |
| ૪. | ખરસાડ ગામના ઈતિહાસકાર મણિભાઈ | | ૯ |
| ૫. | સાહિત્ય અને સાહિત્યકાર પ્રેમી ડાહ્યાભાઈ | | ૧૧ |
| ૬. | સ્વ. શ્રી મણિભાઈ નારણજી તંત્રી વિષે વિશેષ માહિતી | | ૧૨ |
| ૭. | "અનાવિલ પોકાર" વાળા ગોવિંદજી | | ૧૩ |
| ૮. | "અનાવિલ પોકાર" માંથી | - "ડી કયૂબ" | ૧૪ |
| ૯. | એમાં નવાઈ કેવી ? | - ઈશ્વરચંદ્ર મ. દેસાઈ | ૧૫ |
| ૧૦. | ઉરુલિકાંચનવાળા મણિભાઈ | | ૧૬ |
| ૧૧. | શ્રી મણિભાઈ વિષે | - પ્રો. હકૂમતરાય દેસાઈ | ૧૭ |
| ૧૨. | સત્યઘટના - બાલકૃષ્ણ | - અવિનાશ દેસાઈ | ૧૮ |
| ૧૩. | ગૌરવવંતી સિધ્ધિ અનાવિલ | - સંકલિત | ૨૨ |
| ૧૪. | મૃત્યુનો મલાજો | - ઠાકોરભાઈ નાયક | ૨૩ |
| ૧૫. | ઈન્ટરનેટનાં અમી છાંટણા | - ઈશ્વરચંદ્ર મ. દેસાઈ | ૨૬ |
| ૧૬. | સમાચાર | - કાર્યાલય, અનાવલ | ૨૫ |
| ૧૭. | સંસ્થા સમાચાર | - કાર્યાલય, અનાવલ | ૩૦ |

વેબસાઈટ : www.anaval-jayshukleshwar.org
ઈમેઈલ : jaishukleshwar@hotmail.com,
jayshukleshwar@gmail.com
કાર્યાલય મો. નંબર : ૦૯૪૨૬૨ ૧૫૨૪૦
**સમય : સવારે ૮ થી ૧૨, સાંજે ૨ થી ૬**

## સંપાદકીય

# અનાવિલ મિજાજ

■ ઈશ્વરચંદ્ર દેસાઈ

આમ તો જ્ઞાતિ એ એક કુટુંબજ ગણાય. આપણાં વંશવૃક્ષ કે મૂળિયાં આ વાતની ગવાહી પૂરે છે. આજનો વિજ્ઞાનનો જમાનો પણ ડી.એન.એ. દ્વારા આ હકીકત સ્વીકારે છે. મોગલ-મરાઠા કાળમાં આપણા વડવાઓએ જે બાદશાહી ભોગવી બલ્કે મગજમાં જે રાઈ ફીણવી તેનાં અવશેષ પેઢી-દર-પેઢી દેખાતા જ રહ્યાં છે. તેથી જ "અનાવલો તો મિજાહનું કાટલું" કે "અનાવલાનો મિજાહ હત્તર ખાંડીનો" જેવી કહેણી જાણીતી થઈ.

આજે પણ અન્ય જ્ઞાતિના અનાવિલોને ખૂબ નજીકથી ઓળખનારા કહે છે કે "અનાવિલને દોસ્ત બનાવી શકો તો જીવનભરની નિરાંત અને જો અનાવલા હાથે વેર બાંધો તો ખાના ખરાબી" આજકાલ જૈનોનો "મિચ્છામિ દુકકડમ" નો સમયગાળો ચાલે છે. જે અનાવિલો ખરા દિલથી અપવાદેજ સ્વીકારે. જો કે સાચા ગાંધીપ્રેમી અનાવિલો ને એનો અમલમાં મૂકી શકે ખરા. બાકી તો...?

મોટેભાગેના અનાવિલોને જે વારસાઈ મળી તે તો 'એંટ'ની. આવી ગઈ બે ત્રણ સદીની એંટનો એક નમૂનો આ રહ્યો :

"વાત છે ભદેલીની. પેશ્વાઈ જમાનામાં ગામના એક બે દેસાઈઓએ કારભારૂં કરેલું. તેમાં દેસાઈ નથુ હરીએ પૂરા પચાસ ઓરડાની હવેલી બાંધેલી જેમાં અઢાર કુટુંબોનો સુખેથી સમાવેશ થાય. આ તરફ ગામ વસાવનાર હરી મઘીના દીકરા નાના હરીના વંશજો સાથે કંઈક કારણસર વેર બંધાયું. એ વેરાડું પેઢી દર પેઢી ચાલી આવેલું. એ વેરના અંગારા ભડકો બની ઉઠયા તેમાંના એક નારણજી દુલ્લભે કોઈ અપમાનમાંથી ટંટો જાગતાં સરકારમાં અરજી કરી કે "નથુ હરીએ ગામમાં સરકારી જમીન પચાવી પાડીને તેમાં ઝુંપડું બાંધી દીધું છે વાસ્તે ઝુપડું તોડાવી નાંખવું" તે સમયના અંગ્રેજ અમલદારને મન ઝુંપડુ શું વિસાતમાં ! એ વિચારી હુકમ મોકલ્યો કે "ઝુંપડું તોડી નાખો ! નારણજી દુલ્લભે ઝુંપડુ તોડવાની શરૂઆત કરી. ગામ આખું ઊંચુ નીચું થવા લાગ્યું ને નથુ હરીને વીનવવા માંડયું કે કાં તો નારણજીની માફી માગી લો યા તો ખરી હકીકત - 'ઝુંપડુ નથી પણ હવેલી છે' ની સરકારમાં જાણ કરો ! પણ આ 'એટીં' અનાવિલે આખી હવેલી તોડાતી જોઈ ને એ પછીજ ગાલ્લાં ભરીને વલસાડ ભણી ઊચાળા ભર્યા તે 'આજની ઘડી ને કાલનો વાયદો !"

આ છે અનાવિલ મિજાજનો જીવંત નમૂનો ! ■



# અવધૂત ચિંતન શ્રી ગુરૂદેવ દત્ત
# ગુરુપૂર્ણિમાનું ચિંતન

**– વાસંતીબેન નાયક, વલસાડ**

અષાઢી પૂર્ણિમા - વેદવ્યાસનો જન્મ દિવસ ! એમના ઋણસ્વીકાર રૂપે એનો આપણે ગુરુપૂર્ણિમા તરીકે ઉજવીએ છીએ. વેદવ્યાસ બધાના ગુરુપણ છે.

પૂ.શ્રી બાપજી (રંગ અવધૂત) ગુરુ પૂર્ણિમાને આધ્યાત્મિક વિકાસનું સરવૈયુ કાઢવાનો પવિત્ર દિવસ કહે છે. પૂ. પ્રેમઅવધૂતજી એમની પ્રાસાદિક વાણીમાં "ગુરુએ પૂર્ણ મા" છે એમ કહે છે. આવા પવિત્ર ચિંતન માટે પૂ.શ્રી રચિત દત્તનામ સ્મરણનો શ્લોક નં. ૧૦ લીધો છે.

સ્વભાવિક છે કે આપણા ગુરુભકતોમાંથી સવાલ જાગૃત થાય કે દત્તનામ સ્મરણ કયારે લખાયું ? શા માટે પૂ.શ્રીએ રચના કરી.

પૂ.શ્રી એ સાધના માટે પ્રથમ આસન નારેશ્વરમાં ઈ.સ. ૧૯૨૫ - ડિસેમ્બરમાં મૂકયું. ત્યારબાદ પ્રથમ ગુરુપૂર્ણિમા ઈ.સ. ૧૯૨૬-જુલાઈમાં આવી. તે વખતે પોતાના સમર્થગુરુ સ્વામી મહારાજ પ.પ.શ્રી વાસુદેવાનંદ સરસ્વતી (ટેમ્બે સ્વામી) દત્તનામ સ્મરણની રચના કરી સમર્પિત કર્યું.

આ પ્રસંગનો ઉલ્લેખ પૂ.શ્રીએ એમના પરમમિત્ર પૂ. અંબાલાલભાઈ વ્યાસને લખેલા પત્રમાંથી મળે છે. (પત્ર મંજુષા - ઈ.સ. ૧૯૨૬-જુલાઈ)

ગુરુપૂર્ણિમાના ચિંતન માટે પસંદગી પામેલા શ્લોક નં. ૧૦ :

''ત્યજી પાપનું મૂળ આલસ્ય ભાઈ
વળી રાજસી કર્મ જે જન્મદાત્રી
ગ્રહે એક ભકિતથી ને દત્તપાદ
સ્મરી લે પ્રતિશ્વાસ હે ચિત્ત દત્ત''

શ્લોકની પહેલી લીટી :-

''ત્યજી પાપનું મૂળ આલસ્ય ભાઈ''

આળસ એ તેમોગુણનું પરિણામ છે. તામસીવૃત્તિ આપણા શરીરમાં રહેલો મહાદુશ્મન છે. આળસ એક પ્રકારની ઉધઈ છે/ ઉધઈ લાગતાં જેમ મોટી મોટી ઈમારતો ખતમ થઈ જાય છે તેમ આળસથી માણસમાં રહેલી કાર્યશકિત ખલાસ થઈ જાય છે.

**''आलस्य हि मनुष्याणां शरीरस्थो महारिपु !''**

આળસ અંદરનો શત્રુ છે.

આળસ અને પ્રમાદ આપણને એક જ લાગે પણ એવું નથી. આળસ-પ્રમાદ વચ્ચેનો ભેદ ખાસ સમજવા જેવો છે. કરવા જેવું હોય અને ન કરવું એનું નામ આળસ.

જયારે ન કરવા જેવું હોય એ કરવું એનું નામ પ્રમાદ. ચિંતક શ્રી હરિભાઈ કોઠારી આળસને અફીણ કહે છે - જેના ઘેનથી માણસ સૂઈ જાય છે. જયારે પ્રમાદ એ મદિરા-દારૂ છે જેના નશામાં માણસ ન કરવાનું કરી બેસે છે. પ્રમાદ એ જ મૃત્યુ છે અને તેથી જ સૂત્ર છે : સ્વાધ્યાયન્મા પ્રમદિતવ્ય।

**સદ્‌ગત માતૃશ્રી કમળાબેન તથા સદ્‌ગત પિતાશ્રી મગનલાલ નારણજી મહેતાના સ્મરણાર્થે**
**સ્મૃતિ સૌજન્ય :** સુપુત્ર શ્રી દિનેશચંદ્ર મગનલાલ મહેતા પરિવાર સુરુચિ સોસાયટી, સુરત

દુર્યોધન આવા લોકોનો પ્રતિનિધિ છે - તે સ્પષ્ટરૂપે કહે છે : "હું ધર્મ જાણું છું પણ એમાં મારી પ્રવૃત્તિ થતી નથી તેમ જ હું અધર્મ પણ જાણું છું પણ એ માર્ગથી હું નિવૃત થઈ શકતો નથી."

નળરાજાનો પ્રસંગ જાણીતો છે. એઓ પગ ધોવા ગયા. ધોતી વખતે તેનું ફણિયું જરા કોરું ગયું એટલે કહે છે કલિ ત્યાંથી તેમનામાં પેસી ગયો. આટલું આળસ તેમને ભારે પડયું.

હરિદ્વારમાં પૂ.શ્રી. બ્રહ્મલીન થયા તેની આગલી રાતે લગભગ રાત્રીના એક અને બે વાગ્યાની વચ્ચે પૂ.શ્રી કુદરતી હાજતે ગયા. પૂ.શ્રી તરત જ સ્નાન કરે પણ સાથે ગયેલા મુ. રતિકાકાએ કહ્યું : બાપજી તમે વહેલી સવારે ત્રણ વાગે સ્નાન કરો જ છો - સમય લગભગ થવા જ આવ્યો છે અત્યારે સ્નાન કરવાનું રહેવા દો. પૂ.શ્રીએ તરત જ જવાબ આપ્યો : 'અવધૂતને આવી બધી બાબતોમાં પ્રમાદ કરવો પોષાય તેમ નથી."

શ્લોકની બીજી લીટી :-

વળી રાજસી કર્મ જે જન્મદાયી

રજોગુણનો સંકેત છે જન્મનું મૂળ વાસના છે રજોગુણ વ્યકિતને પ્રવૃત્તિમાં જોતરેલો રાખે છે. એક પછી બીજી અને બીજી પછી ત્રીજી પ્રવૃત્તિમાં ગળાડૂબ રહે છે. આવી વ્યકિત માટે "અંદર ગોતા લગાવ પ્યારે" ભજન લખાયું છે. રજોગુણ તમોગુણની બીજીબાજુ છે બંને એકબીજાના સહાયક થઈને માણસનો નાશ કરે છે.-ફૂટબોલનો જન્મ લાતો ખાવા સારું જ થયેલો છે તે જ પ્રમાણે રજોગુણ ને તમોગુણની લાતો ખાવામાં માણસની જીંદગી નીકળી જાય છે. રજોગુણની બીજી અસર એ છે કે માણસમાં સ્થિરતા રહેતી નથી. રજોગુણી વ્યકિતને સર્વધર્મ જેવું કશું રહેતુ નથી.

પ.પૂ.શ્રી વડોદરાના સંત ભગવાનને પોતાની સાધક અવસ્થા દરમ્યાન મળવા ગયા. વાતોવાતોમાં સંત ભગવાને પૂછયું-શું કરો છે ? શાનો અભ્યાસ કરો છો ? પૂ.શ્રી જવાબ આપે છે "સંસ્કૃત ભાષામાં વધારે અભ્યાસ કરું છું-દેવ ભાષામાં વધારે લગાવ છે" તરત જ સંત ભગવાન કહે છે - પ્રાકૃતનો અભ્યાસ પણ કરો આપણા પરિવારમાં બધા જ જાણે છે કે શ્રી ગુરુલીલામૃતની રચના કરવાનો આદેશ થયો ત્યારે સ્વયં પ.પૂ. સ્વામી મહારાજે ગુજરાતી ભાષામાં લખવા કહ્યું અને ગ્રંથ ઓળીમાં નહીં પણ દોહરામાં લખવા કહ્યું.

પ.પ. સ્વામી મહારાજે એ જ રીતે એમની સાથે સતત રહેલા પૂ.યોગાનંદ સરસ્વતી (ગાંડા મહારાજ) ને બંનેનો મુકામ ચાલીસ ગામમાં હતો. (ઉપાસનાકાંડ અ. ૧૪૫-દોહરા ૪૨-૪૮) ત્યારે કહ્યું કે ગાંડા લોકો તારી પાછળ ગાંડુ છે - તેં જે પ્રાપ્ત કર્યું છે તેને વધુ દ્રઢ કરવા તું મારી પાસેથી નીકળી જા. લોકોની વાહવાહથી રજોગુણ આવશે - તને વિઘ્ન આવશે-જે મેળવ્યું છે તેનો વધુ ને વધુ અભ્યાસ કરી મોક્ષની ગતિ તરફ પ્રણાય કર.

બ્રહ્મા વિષ્ણુ અને શંકરમાં - બ્રહ્મામાં પ્રધાનપણે રજોગુણ, વિષ્ણુમાં સત્ત્વગુણ અને શંકરમાં તમો ગુણ છે. રાજસીકર્મની પરંપરા જન્મમરણની પરંપરા ટાળી શકે નહિ.

શ્લોકની ત્રીજી લીટી :-

ગ્રહે એક ભકિતથી તે દત્તપાદ

આ ત્રીજા ચરણમાં સત્ત્વગુણની વાત છે. સત્ત્વગુણ સાચી ભકિત તરફ દોરી જાય છે.

**સદ્‌ગત દાદીમાં વિરમતીબેન તથા દાદાજી રતિલાલ (નટુભાઈ) અંબેલાલ દેસાઈ, ધમડાચી - બોરીવલીના સ્મરણાર્થે**
**સ્મૃતિ સૌજન્ય :** (પૌત્રી) બંસી અને કુંજન ધમડાચી - બોરીવલી, મુંબઈ

નારદજીના ભકિતસૂત્ર પ્રમાણે ભાકિત એટલે ભગવાનમાં અન્નય પ્રેમ, ભકિત પ્રેમ સ્વરૂપ છે. સત્ત્વગુણ પાસે સાવધ રહીને કામ લેવું જોઈએ, સત્ત્વગુણને અકબંધ રાખવા રજોગુણ-તમોગુણનો ઉચ્છેદ કરવો પડે છે.

રામાયણમાં રાવણ-કુંભકર્ણ અને વિભીષણ ત્રણ ભાઈઓ છે

રાવણ રજોગુણ
કુંભકર્ણ-તમોગુણ
વિભીષણ-સત્ત્વગુણ

આપણા શરીરમાં પણ આ ત્રણનું રામાયણ રચાયા કરે છે. રામાયણમાં રાવણ-કુંભકર્ણનો નાશ શાય છે. વિભીષણ સત્ત્વગુણ છે તે હરિશરણ થાય છે. આપણે પણ સત્ત્વ ગુણનો વિકાસ કરી પવિત્ર બનવાનું એટલે પછી ભકતને ભગવાન સિવાય બીજું ગમતું નથી. પૂ.શ્રીનુ "ભકિત હરિપ્રેમ અજોડ' વાંચવાથી ભકિતના સાચા સ્વરૂપનો ખ્યાલ આવે.

શ્રી ગુરુલીલામૃતમાં ઉપાસનાકાંડ અ. ૧૧૯ પ.પ. સ્વામીમહારાજનું દત્તભગવાન સંસાર છોડવાનો આદેશ આપે કથામૃત લાંબુ છે. ઘર છોડવાની વાત સાંભળી પૂ. રમા મા કલ્પાંત કરે છે. પ.પ. સ્વામી મહારાજ યદુ દત્ત સંવાદ અ. પર જ્ઞાનકાંડ માને સમજાવે છે ત્યારે રમા મા સામો સવાલ કરે છે : 'તમે જે બોધ આપ્યો તેમ વર્તતા કદાચ સાધકના ચિત્તમાં વિષયવાસના ઉઠે-મન વિકારી થાય તો ઉપાય શો ? પ.પ. સ્વામી મહારાજ પ્રેમથી સમજાવે છે કે ત્યારે લોકો સર્વસ્વનો ત્યાગ કરી આસન સાધી એકાંતમાં-સાત્વિક સ્વલ્પ આહાર ખાસ લઈ અભ્યાસ વધારવો જેથી વૃત્તિ ઈશ્વરમાં તન્મય થાય.

શ્લોકની ચોથી લીટી :-

स्मरी ले प्रतिश्वास हे चित्त दत्त ।

ઉપર જણાવેલ ભકિતથી પોતાના ગુરુમાં-ઈષ્ટદેવમાં-દત્તમાં એકનિષ્ઠા જાગે અને આવી એકનિષ્ઠા માટે શ્વાસે શ્વાસે દત્તનામનું સ્મરણ કરવાનું. જયાં જયાં શ્વાસ લઈએ ત્યાં સુધી દત્ત નામનું સ્મરણ. નામ સ્મરણ એ સાધન પણ છે અને સાધ્ય પણ છે, નામ સ્મરણ કરનાર પોતે જેનું સ્મરણ કરતો હોય તે ભગવાન બની જાય. નામ સ્મરણથી એકનિષ્ઠ થવાય. આ ગુરુમહારાજ પૂ. બાપજી આ એકનિષ્ઠાને અર્ધો આત્મસાક્ષાત્કાર કહે છે.

પ.પૂ. બાપજીનો મુકામ આફ્રિકામાં-રંગજયંતીના પ્રસંગે "ભવરોગનું ઓસડ" વિસ્તૃત રીતે અંતરના ઊંડાણથી સમજાવી-શ્વાસે શ્વાસે દત્તનામની દવા બતાવી અને ચરી પાળવા માટે પરસ્પર દેવો ભવઃ નુ સૂત્ર આપી જીવન જીવવાની જડીબુટ્ટી બતાવી -હું માનવી માનવ થાઉં તો ઘણું-ગુરુચાવી આપી દીધી.

એક સરસ પ્રસંગ છે - એક રાજા અને કુંવર બંનેને કોઈક કારણસર મન દુ:ખ થયું-કુંવર ઘર છોડીને જતો રહે છે. રાજા તેને શોધવા પ્રયત્ન કરે છે. કુંવરને ખબર પડે એટલે તે જગ્યાએથી બીજે જતો રહે છે. રાજા વિચારે છે કે મારા ભંડારમાં ઘણા રત્નો ભર્યા છે. સિપાઈઓને કહ્યું કે એ રત્નો તમે એની માહિતી મળે તે જગ્યાએ વેરી આવો. એકાદ એને મળી જાય તો એમાંથી એનું જીવન નિર્વાહ કરી શકે.

આપણે પણ કોઈકને કોઈ રીતે કયાંક

**સદ્‌ગત માતૃશ્રી અંબાબેન તથા પિતાશ્રી નાથુભાઈ ભીમભાઈ નાયકના સ્મરણાર્થે**
**સ્મૃતિ સૌજન્ય :** સુપુત્ર શ્રી મગનલાલ નાથુભાઈ નાયક-વાસણ, તા. ગણદેવી.

પૂ.શ્રી થી છુટા પડેલા સંતાનો છીએ. પૂ.શ્રી એ અપર્ણ માટે જે રત્નો વેર્યા છે - શ્રી ગુરુલીલામૃત રંગહૃદયમ-દત્તબાવની-અવધૂતી આનંદ-દત્તનામ સ્મરણ-દત્તરક્ષાસ્તોત્ર એવા કંઈકેટલાયે. આમાંથી એકાદ હાથ લાગી જાય-બેડો પાર થઈ જાય. વેરેલા રત્નોમાંથી એકાદ હાથ લાગી જાય તો જીવન ધન્ય થઈ જાય.

માનું દૂધ પીનાર બાળક નબળું કે દૂબળું ન હોય તેમ પૂ.શ્રીએ આપેલ જ્ઞાનને-વિચારોને પચાવનાર વ્યકિત-ભકત પુષ્ટ જ હોય-મન મસ્ત હોય-બુધ્ધિ વિવેકી હોય-આત્મા પ્રસન્ન હોય અને અંતઃકરણમા શાંતિ હોય.

અંતમાં પૂ.શ્રીના ચરણોમાંથી આપણે બધા જ એક પ્રાર્થના કરીએ : "તમારું જ મનન ચિંતન અને સ્મરણ. દરેક વખતે અમે તમારી આંગળી પકડવાનો પ્રયત્ન કર્યો છે. ત્યારે છૂટી જાય છે પણ એટલી પ્રાર્થના કે તમે જ અમારી આંગળી પકડો જેથી કદી પણ ના છુટે - સાથે જ રાખશો - અળગા ના કરશો

"શ્રી ગુરુદેવ દત્ત" ■

**પતિ-પત્ની જોક્સ...**

**પત્ની : મારું લગ્ન કોઈ રાક્ષસ સાથે થઈ જાત તો પણ આટલી હેરાન ન થાત...**

**પતિ : અરે ગાંડી પણ બ્લડ રિલેશનમાં સંબંધ ના થાય...**

# સૂતેલા ગુજરાતને બેઠું કરનાર

**– નારાયણ દેસાઈ**

બારડોલી સત્યાગ્રહ વખતે સરદાર ગુજરાતની પ્રજાને કહેતા કે 'તમે ભલે દૂબળા હો, પણ કાળજુ વાઘ-સિંહનું રાખો, સ્વમાન ખાતર મરવાની તાકાત હૃદયમાં રાખો, કોઈ તમને અંદર અંદર લડાવી ન શકે એટલી સમજણ રાખો.' આ ત્રણે ગુણો-સિંહ જેવું કાળજુ, સ્વમાન ખાતર મરી ફીટવાની આત્મશકિત અને મતભેદોથી ઉપર ઊઠવાની સમજણનો ગુણ-સરદારે પોતાના જીવનમાં ભરપૂર ખીલવ્યા હતા તેથી જ તેઓ સ્વરાજની લડતના લડવૈયા અને રાષ્ટ્રીય એકતાના ઘડવૈયા બની શકયા.

કોઈ પણ દેશની આઝાદીની લડાઈ લડવા સારુ અને એ આઝાદીને એકતા અને આબાદીમાં ફેરવવા સારુ કાર્યકર્તાઓની એક મોટી તાલીમ પામેલી ફોજની જરૂર પડે છે. ગાંધીજીની સફળતાનું એક મોટું કારણ એ હતું કે એમને એવી ફોજ તૈયારી કરી શકે એવા સરદાર મળી ગયા હતા. તમોગુણમાં સૂતેલા ગુજરાતને આળસ ખંખેરીને બેઠું કરનાર, વીખરાતા ભારતને એક તાંતણે બાંધનાર, વજશી શકિત ધરાવતા છતાં અંતરને કુસુમશું કોમળ રાખનાર હતા. ■



**સદ્‌ગત મોટામામા હસમુખરાય, નાનામામા રમેશચંદ્ર અંબેલાલ દેસાઈના સ્મરણાર્થે**
**સ્મૃતિ સૌજન્ય :** પ્રેમલ દેસાઈ હરિયા હાલ જર્મની

# ખરસાડ ગામના ઈતિહાસકાર મણિભાઈ

ખરસાડ ગામમાં ઘણા સાહિત્યકારો થઈ ગયા. મારા (પ્રફુલ્લભાઈ) સહિત સાત સાહિત્યકારો તો ખરસાડ ભીમપોળના જ. ગુલાબભાઈ લલ્લુભાઈ, પરાગજી ડાહ્યાભાઈ, એન.એન.તંત્રી સાથે કારસાડ ગામનો અધિકૃત ઈતિહાસ લખનાર મણિભાઈ ખંડુભાઈ પણ ખરસાડ ભીમપોળના જ. મણિભાઈ તો પાછા સરસ કવિ પણ હતા. એમના એક કાવ્યસંગ્રહને સરકારી પારિતોષિક પણ મળેલું. એમ.એન.તંત્રી અને મણિભાઈ ખંડુભાઈ તો મારા પડપિતરાઈ થાય, એ અમારા વંશવૃક્ષ પરથી ખબર પડેલી. મણિભાઈએ ખરસાડ ગામનો જે ઈતિહાસ લખ્યો, તેમાં એમણે ભીમપોળના મૂળ પૂરુષ ભીમભાઈ સુધીની પેઢીઓનો સિલસિલાબંધ ઈતિહાસ આલેખેલો હતો. એમ કહેવાતું. મણિભાઈનો એક દીકરો મગનભાઈ કરીને હતો. એમના વારસદારો પાસે આ પુસ્તક સચવાયેલું હોઈ શકે. ભીમપોળના મૂળ પુરુષ ભીમભાઈ મણિભાઈની ૮મી પેઢીએ હતા એમ વંશ વૃક્ષપરથી ખબર પડે છે.

### ‘રાજરત્ન’ દીવાન લલ્લુભાઈ

આખું નામ : લલ્લુભાઈ ભીમભાઈ દેસાઈ (દીવાન સિરોહી સ્ટેટ)

ઘણા અનાવિલો જુદા જુદા રાજયોમાં દીવાનપદે પહોંચ્યા હતા અને સફળતા પૂર્વક રાજયસંચાલન કરી પ્રજામાં લોકપ્રિય થયા હતા. સંદલપુર ગામના વતની લલ્લુભાઈ એડવોકેટ હતા અને સિરોહી રાજયના દીવાનપદે ઘણા વર્ષો રહ્યાં. એમણે પાંચેક પુસ્તકો લખ્યાં હતા. (૧) પરમાર ધારાવર્ષદેવ (૨) બાલહઠ (૩) બંકા (૪) દેવડા (૫) રાજયોગ એમને ત્યાં રહી ઉછરેલા એમના ભાણેજ દોલતરાય મગનલાલ પણ સારા લેખક અને શિક્ષક હતા.

### નારણજી જોશી પરિવાર

પારડી તાલુકાના પલસાણા ગામે નારણજી ભૂલાભાઈ જોશી પરિવાર ખૂબ જાણીતો હતો. મહાત્મા ગાંધીજી જન્મેલા એ વર્ષે પોતાના મોસાળ ઉમરસાડીમાં જન્મેલા નારણજી જાતે તો ગુજરાતી વર્નાકિયુલર સુધી જ ભણી શકેલા પણ પોતાના સંતાનને ભણાવી ગણાવી એવા કાબેલ બનાવ્યા કે કુટુંબમાં છ છ જણા તો એડવોકેટ થયા ! વળી કુટુંબના દરેક સભ્યને સાહિત્યનો એવો શોખ કે છ એડવોકેટમાંથી ત્રણ જણા તો ઉત્તમ સાહિત્યકારો થયા ! ગુલાબભાઈ નારણજી, અંબેલાલ નારણજી તથા છોટુભાઈ નારણજી ત્રણે ભાઈઓ મુંબઈમાં હાઈકોર્ટના એડવોકેટ તરીકે જાણીતા થયા. ત્રણેને સાહિત્યનો શોખ પણ ઘણો હતો. એમણે લખેલાં પુસ્તકોની યાદી :

(૧) ગુલાબભાઈ જોશી : ૧. વેલ્થ ઓફ ઈન્ડિયા ૨. મની એન્ડ મની માર્કેટ

(૨) અંબેલાલ જોશી : તેઓ જીવનચરિત્રના લેખક તરીકે જાણીતા થયા છે.

એમનાં જીવનચરિત્રનાં પુસ્તકો

(૧) રાષ્ટ્ર વલ્લભ - સરદાર વલ્લભભાઈ (૨) મહાદેવ હ. દેસાઈ (૩) ડૉ. રાજેન્દ્ર પ્રસાદ (૪) રાજાજી (૫) ડૉ. પટ્ટાભી સિતારામૈયા (૬) રાજર્ષિ ટંડનજી ૭-૮ પ્રાતઃ સ્મરણીય મહાત્મા ગાંધીજી (બે

**સદ્‌ગત માતૃશ્રી મણિબહેન તથા પિતાશ્રી નિછુભાઇ ગુલાબભાઇ દેસાઇ તલાવચોરાના સ્મરણાર્થે**
**સ્મૃતિ સૌજન્ય :** રમેશભાઇ એન. દેસાઇ, તલાવચોરા, અંધેરી તથા સમસ્ત પરિવાર

ભાગ) ૯-૧૦ રાષ્ટ્રપ્રિય પં. જવાહરલાલ નહેરુ (બે ભાગ) ૧૦-૧૧ શ્રી મોરારજી દેસાઈ (બે ભાગ)

(૩) છોટુભાઈ જોશીનાં પુસ્તકોની યાદી મળતી નથી.

ગુલાબભાઈએ ઈતિહાસ, અર્થશાસ્ત્ર, રાજકારણ અને કાયદા વિષયક પુસ્તકો પણ લખ્યાં છે. ઉપરની યાદી અધૂરી છે.

**દોલતભાઈ દેસાઈ**

અનાવિલ સમાજ પર નવલકથા લખનારા જૂજ અનાવિલ સાહિત્યકારોમાં શ્રી વસંતરાય હરરાય દેસાઈ (પલસાણા 'વિલાસુ યાને પ્યારની પૂતળી') મગનલાલ લાલભાઈ દેસાઈ 'કોલક' (ગૌરી, 'ભાઈબીજ' વગેરે). આ લેખક ડૉ. પ્રફુલ્લ દેસાઈ પોતે (પંખીને આંબતું આકાશ) સાથે દોલતભાઈ દેસાઈ (પુસ્તક 'નિર્મલા') પણ ખરા. કમનસીબે એમના વિષે વધુ માહિતી મળની નથી. મેં 'નિર્મલા' પણ વાંચી નથી. મંજુલા ગાડિતના પતિ જયંતભાઈએ અનાવિલ સમાજપર નવલકથા લખી છે : 'એક અસ્વપ્ન સુખી જીવન'

**વસંત નાયક**

જન્મ તારીખ : ૧૩-૦૩-૧૯૦૫

મૃત્યુ : ૧૧-૦૭-૧૯૮૧

જન્મ સ્થળ / મૂળ વતન : ડિંડોલી (સુરત જીલ્લો)

એમણે એક નાટક 'ત્રણ બાપ' લખી ૧૯૪૮માં પ્રગટ કરેલું. વિશેષ માહિતી નથી.

**કેટલાક અનાવિલ બાળ સાહિત્યના લેખકો**

(૧) ખંડુભાઈ મકનજી ઉમરવાડિયા (ઈ.સ. ૧૮૬૦ની આજુબાજુ)

આ બાળસાહિત્યના લોકપ્રિય લેખક સૌરાષ્ટ્રની રાજકોટ રિજન્સીમાં મોટા પોલિસ અધિકારી હતા ! નાટયકાર બટુભાઈ લાલભાઈ ઉમરવાડિયાના નજીકના પિત્રાઈ અને સુરત ગોપીપુરા નાની છીપવાડમાં સામેસામે એમના મૂળ મકાનો. સ્વ. ખંડુભાઈના ત્રણ દીકરાઓ : નાનુભાઈ, ઠાકોરભાઈ અને મગનભાઈ, નોંધનીય વાત એ કે મારા દાદા મગનલાલ લાલભાઈ વારા ફરતી ત્રણે ભાઈઓના મકાનોમાં ભાડે રહેલા ! ખંડુભાઈ કે એમના સાહિત્ય વિષે મારી પાસે વિશેષ માહિતી નથી. એ અફસોસજનક છે. મારા દાદાના પિતા લાલભાઈ મોરારજી રાજકોટ રિજન્સીમાં ખંડુભાઈ સાથે હતા. બન્ને ગાઢ મિત્રો હતા.

(૨) અંબેલાલ સવરામભાઈ દેસાઈ

સ્વ. અંબેલાલ વિષે ખાસ માહિતી મળતી નથી. 'અનાવિલ પોકાર' માં મારા લેખો, વાર્તાઓ છપાતી હતી. (૧૯૫૫ થી ૬૫) ત્યારે અંબેલાલના લેખો, કાવ્યો પણ છપાતાં હતાં. મેં આગળ એમનું એક કાવ્ય મળ્યું હતું, તે 'જય શુકલેશ્વર' માં આપ્યું હતું. મારી યાદશકિત પ્રમાણે એમનું મૂળ વતન અલથાણ હતું. એમનું કાવ્ય જ.શુ. માં જાન્યુ ૨૦૧૭ના અંકમાં છપાયું હતું. એમનાં બાળકાવ્યો ખૂબ મજાનાં હતાં, તેવું પણ યાદ છે. ■




**સદ્ગત માતૃશ્રી અ.સૌ. ઉષાબહેન અજીતભાઈ દેસાઈ ધમડાચી હાલ બોરીવલીના સ્મરણાર્થે**

**સ્મૃતિ સૌજન્ય :** પુત્રીઓ બંસી તથા કુંજન દેસાઈ ધમડાચી હાલ બોરીવલી, મુંબઈ

# સાહિત્ય અને સાહિત્યકાર પ્રેમી ડાહ્યાભાઈ

આખું નામ : ડાહ્યભાઈ કલ્યાણજી દેસાઈ (વકીલ)
જન્મ સાલ : ઈ.સ. ૧૮૭૩
મૃત્યુ : જુલાઈ ૧૯૨૩
મૂળ વતન : કતારગામ
પિતાઃ કલ્યાણજી નાગરજી દેસાઈ

નાનપણથી જ ડાહ્યાભાઈ ચાલાક અને હોંશિયાર હતા. માફી અને ગોપાલદાસ તેજપાલ સ્કોલરશીપ મેળવી મુંબઈમાં ૧૮૯૬માં બી.એ. થયા અને પછી એલ.એલ.બી. પાસ કરી વકીલ થયા. સુરત આવી ૧૯૦૦ની આજુબાજુ ગુલાબદાસ ભાઈદાસના હાથ નીચે વકીલાત શરૂ કરી. એક જ દાયકામાં તો તેઓ નામી અને લોકપ્રિય વકીલ બની ગયા. ૧૯૦૭માં કોંગ્રેસના અધિવેશન (સુરત) ખાતે આગળ પડતો ભાગ લીધેલો. સુરત સુધરાઈ સાર્વ. એજયુકેશન સોસાયટી, સુરત ડિસ્ટ્રીકટ કો.ઓપ બેંકની પ્રવૃત્તિમાં તેમણે મોટો ફાળો આપ્યો. સુરત મ્યુનિ. ના વાઈસ ચેરમેન થયેલા. સુરત ડિ.કો. કમિટીના પ્રમુખ પણ થયા.

ડાહ્યાભાઈ સાહિત્યના શોખીન હતા. અવારનવાર જ્ઞાતિ સુધારાવાદી લેખો પણ લખતા. ખાસ કરીને 'અનાવિલ સેવક'માં એમના લેખો છપાતા. ૧૯૨૦ની આજુબાજુ એમણે પોતાને ખર્ચે સમસ્ત અનાલિલ સાહિત્યકારોને પોતાને ત્યાં નિમંત્ર્યા હતા. કમનસીબે એ સાહિત્યકાર મિલનમાં કોણ કોણ અનાવિલ લેખકો હાજર હતા, તેની યાદી મળી શકી નથી. ૧૯૧૩ના જુલાઈમાં દાંતના ઓપરેશનમાં નાનકડી માંદગી ભોગવી તેઓ ગુજરી ગયા હતા.

સાહિત્યકારો ખાસ કરીને અનાવિલ જ્ઞાતિના જ લેખકોને ભેગા કરવાની તેમની મથામણ ખૂબ જ પ્રસંસનીય હતી. એમના અકાળ અવસાને એ તક રોળાઈ ગઈ.

**ઠાકોરભાઈ દેસાઈ ''શ્રીકાન્ત''**

મારી ૧૨-૧૩ વર્ષની ઉંમરે મારા દાદાની લાયબ્રેરીમાંથી એક પુસ્તક મારા વાંચવામાં આવેલું. એકી બેઠકે એ પુસ્તક મેં વાંચી નાંખેલુ અને પછી મારા ભણવાના પુસ્તકોમાં છુપાવી દીધેલું. પછી એ કયાં ગુમ થઈ ગયું, એની મને ખબર નથી, પણ એ 'વિચિત્ર' પુસ્તકના લેખકનું નામ મને યાદ રહી ગયેલું : 'ઠાકોર દેસાઈ'. પાછળથી જાણેલું કે એ પુસ્તક સરકારે અશ્લીલતાના આરોપસર જપ્ત કરેલું. મારા દાદા મગનલાલ તો બબ્બે રાજયો-વાંસદા અને લુણાવાડાના દીવાન હોવા સાથે સરન્યાયાધીશ પણ હતા, એ રીતે એ પ્રતિબંધિત પુસ્તક એમની પાસે આવ્યું હોય, એ સંભવિત છે.

એ જમાનામાં હું રમણલાલ ન. દેસાઈ અને શરદબાબુનાં પુસ્તકોનો દીવાનો હતો. ખાસ કરીને 'દેવદાસ'ની ચન્દ્રમુખી અને 'શ્રીકાન્ત' ની રાજલક્ષ્મીના પાત્રો પરથી ઠાકોર દેસાઈએ 'રૂપજીવિની' નું પાત્ર સર્જયુ હોય તેવું મને લાગેલું. એમણે ધારણ કરેલું તખલ્લુસ 'શ્રીકાન્ત' પણ સૂચક છે ગમે તે હો, સરકારે માંડેલા કેસમાં એમની હાર થતાં જ એમની કારકિર્દી સમાપ્ત થઈ ગઈ હોય એવું બને. એમના વિષે વિશેષ માહિતી મળતી નથી. ■

**સદ્‌ગત આજીબા શારદાબેન તથા આજાબાપા નટવરલાલ કસનજી દેસાઈ, એરૂ - કાંદિવલીના સ્મરણાર્થે**
**સ્મૃતિ સૌજન્ય :** (દોહિત્રી) બંસી અને કુંજન ધમડાચી - બોરીવલી, મુંબઈ

# સ્વ. શ્રી મણિભાઈ નારણજી તંત્રી વિષે વિશેષ માહિતી

'જય શુકલેશ્વર'ના માર્ચ અંકમાં સ્વ. એન.એન.તંત્રી વિષેનો લેખ પ્રગટ થયા પછી સુરતના શ્રી કિશોરભાઈ ધીરુભાઈ દેસાઈ (હાલ ૭, શ્રધ્ધા એપાર્ટમેન્ટ, વિશાલ નગર, ગુજરાત ગેસ સર્કલ - મો.નં. ૯૯૯૮૦૦૭૨૭૯) એ મારો સંપર્ક કર્યો હતો. એમણે મણિભાઈ વિષે વધુ માહિતી આપતાં જણાવ્યું કે મણિભાઈના ભાઈ ખંડુભાઈ નાણજી એમના આજા (નાના)થાય અને એમનું મૂળ વતન ખરસાડ, ભીમપોળમાં મણિભાઈએ લગ્ન કર્યા ન હતા. તેઓ સમાજ અને કુટુંબથી અલિપ્ત રહેતા અને મુબઈમાં પણ ભાઈઓના કુટુંબથી અલગ રહેતા. સ્વભાવથી ધૂની હતા અને ખાસ કરીને ૧૯૨૩માં પેલાં પુસ્તક ('ધી ઈડિયટ એન્ડ ધી ટ્રેઈટર ઈન ઈંડિયન પોલિટિક્સ) માં ગાંધીજી સહિત મોટા નેતાઓ વિરુધ્ધ ટીકાત્મક લખ્યા પછી ભાઈઓ, મિત્રો, સંબંધીઓમાં ખૂબ જ અળખામણા બની ગયા હોવાનું મણિભાઈએ ખુદ અનુભવ્યુ હતું અને તેમને સંભવતઃ ડિપ્રેશન'નો હુમલો આવ્યો હોય ને તેમણે એની જ અસરમાં આપઘાત કર્યો હતો એમ માનવામાં આવે છે. એમના ભાઈઓએ 'તંત્રી' અટક પણ બદલી નાંખી હતી. 'તંત્રી' અટક કેમ પડી હતી, તેનો ખુલાસા મળતો નથી. માહિતી આપનાર કિશોરભાઈનું મૂળ વતન પલસાણા-ચોવીસ મહોલ્લો-પાડા ફળિયામાં જાણીતા કોંગ્રેસી કાર્યકર્તા રણછોડજીભાઈની બાજુમાં એમનું ઘર.

બીજી રસપ્રદ વાત એ છે કે મણિભાઈ મારા દાદાના પડપિતરાઈ હતા. મારું પણ મૂળ વતન ખરસાડ, ભીમપોળમાં મારી પાસે આગલી ૧૨-૧૩ પેઢીનું વંશવૃક્ષ છે. એમાં મણિભાઈનું નામ મળી આવ્યું ! મણિભાઈના દાદાના બાપ લલ્લુભાઈ (મણિભાઈ નારણજી ગોપાળજી લલ્લુભાઈ) મારા દાદાના દાદા મોરારજી (પ્રફુલ્લ દિનકરરાય મગનલાલ લાલભાઈ મોરારજી)ના મોટાભાઈ થતા હતા. અમારા એક પિત્રાઈ લાલભાઈ રતનજી દેસાઈ (ગુજ. યુનિ. ના એક વખતના ચાન્સેલર) પણ શિક્ષણ ક્ષેત્રે જાણીતા હતા. મણિભાઈના ચાર ભાઈઓ હતા. કસનજી, ડૉ. નાનુભાઈ, ખંડુભાઈ (કિશોરભાઈના આજા) અને ડાહ્યાભાઈ. ■

---

પાના નં. ૧૩થી શરૂ

નાતો ૧૯૫૪થી શરૂ થયો હતો. એમનો દીકરો જયંતિ મારો મિત્ર પણ હતો. એણે મારા અનેક લેખો, કાવ્યો, વાર્તાઓ અને મારી પહેલી નવલકથા ધારાવાહિકરૂપે છાપ્યાં હતા. જ્ઞાતિજનોની પોલ ખોલતા અને અન્યાય વિરુધ્ધના મારા કેટલાય લેખો અને કેટલીય વાર્તાઓ છદ્મ નામે જયંતિલાલે છાપ્યાં હતા. મારી સાથે કીર્તિદેવ ડી. દેસાઈ, દુર્લભજી ડાહ્યાભાઈ દેસાઈ (ડિકયૂબ), અંબુ ક. વશી વગેરે લેખકો પણ લખતા. જ્ઞાતિમાસિકોમાં 'અ.પોકાર' જે ઉચ્ચ ધોરણ સ્થાપેલુ એનું શ્રેય ગોવિંદજી જ જવું જોઈએ. ■

---

**સદ્‌ગત માતૃશ્રી શારદાબેન બટુભાઈ દેસાઈ, પિતાશ્રી બટુભાઈ હરિભાઈ દેસાઈ હરિયાના સ્મરણાર્થે**
**સ્મૃતિ સૌજન્ય :** કૌશિક તથા વનિતા દેસાઈ હરિયા

# સ્વ. શ્રી મણિભાઈ નારણજી તંત્રી વિષે વિશેષ માહિતી

'જય શુકલેશ્વર'ના માર્ચ અંકમાં સ્વ. એન.એન.તંત્રી વિષેનો લેખ પ્રગટ થયા પછી સુરતના શ્રી કિશોરભાઈ ધીરુભાઈ દેસાઈ (હાલ ૭, શ્રધ્ધા એપાર્ટમેન્ટ, વિશાલ નગર, ગુજરાત ગેસ સર્કલ - મો.નં. ૯૯૯૮૦૦૭૨૭૯) એ મારો સંપર્ક કર્યો હતો. એમણે મણિભાઈ વિષે વધુ માહિતી આપતાં જણાવ્યું કે મણિભાઈના ભાઈ ખંડુભાઈ નાણજી એમના આજા (નાના)થાય અને એમનું મૂળ વતન ખરસાડ, ભીમપોળમાં મણિભાઈએ લગ્ન કર્યા ન હતા. તેઓ સમાજ અને કુટુંબથી અલિપ્ત રહેતા અને મુબઈમાં પણ ભાઈઓના કુટુંબથી અલગ રહેતા. સ્વભાવથી ધૂની હતા અને ખાસ કરીને ૧૯૨૩માં પેલાં પુસ્તક ('ધી ઈડિયટ એન્ડ ધી ટ્રેઈટર ઈન ઈંડિયન પોલિટિકસ) માં ગાંધીજી સહિત મોટા નેતાઓ વિરુધ્ધ ટીકાત્મક લખ્યા પછી ભાઈઓ, મિત્રો, સંબંધીઓમાં ખૂબ જ અળખાયણા બની ગયા હોવાનું મણિભાઈએ ખુદ અનુભવ્યુ હતું અને તેમને સંભવતઃ ડિપ્રેશન'નો હુમલો આવ્યો હોય ને તેમણે એની જ અસરમાં આપઘાત કર્યો હતો એમ માનવામાં આવે છે. એમના ભાઈઓએ 'તંત્રી' અટક પણ બદલી નાંખી હતી. 'તંત્રી' અટક કેમ પડી હતી, તેનો ખુલાસા મળતો નથી. માહિતી આપનાર કિશોરભાઈનું મૂળ વતન પલસાણા-ચોવીસ મહોલ્લો-પાડા ફળિયામાં જાણીતા કોંગ્રેસી કાર્યકર્તા રણછોડજીભાઈની બાજુમાં એમનું ઘર.

બીજી રસપ્રદ વાત એ છે કે મણિભાઈ મારા દાદાના પડપિતરાઈ હતા. મારું પણ મૂળ વતન ખરસાડ, ભીમપોળમાં મારી પાસે આગલી ૧૨-૧૩ પેઢીનું વંશવૃક્ષ છે. એમાં મણિભાઈનું નામ મળી આવ્યું ! મણિભાઈના દાદાના બાપ લલ્લુભાઈ (મણિભાઈ નારણજી ગોપાળજી લલ્લુભાઈ) મારા દાદાના દાદા મોરારજી (પ્રફુલ્લ દિનકરરાય મગનલાલ લાલભાઈ મોરારજી)ના મોટાભાઈ થતા હતા. અમારા એક પિત્રાઈ લાલભાઈ રતનજી દેસાઈ (ગુજ. યુનિ. ના એક વખતના ચાન્સેલર) પણ શિક્ષણ ક્ષેત્રે જાણીતા હતા. મણિભાઈના ચાર ભાઈઓ હતા. કસનજી, ડૉ. નાનુભાઈ, ખંડુભાઈ (કિશોરભાઈના આજા) અને ડાહ્યાભાઈ. ■

---

પાના નં. ૧૩થી શરૂ

નાતો ૧૯૫૪થી શરૂ થયો હતો. એમનો દીકરો જયંતિ મારો મિત્ર પણ હતો. એણે મારા અનેક લેખો, કાવ્યો, વાર્તાઓ અને મારી પહેલી નવલકથા ધારાવાહિકરૂપે છાપ્યાં હતા. જ્ઞાતિજનોની પોલ ખોલતા અને અન્યાય વિરુદ્ધના મારા કેટલાય લેખો અને કેટલીય વાર્તાઓ છદ્મ નામે જયંતિલાલે છાપ્યાં હતા. મારી સાથે કીર્તિદેવ ડી. દેસાઈ, દુર્લભજી ડાહ્યાભાઈ દેસાઈ (ડિકયૂબ), અંબુ ક. વશી વગેરે લેખકો પણ લખતા. જ્ઞાતિમાસિકોમાં 'અ.પોકાર' જે ઉચ્ચ ધોરણ સ્થાપેલુ એનું શ્રેય ગોવિંદજી જ જવું જોઈએ. ■

---

**સદ્ગત માતૃશ્રી શારદાબેન બટુભાઈ દેસાઈ, પિતાશ્રી બટુભાઈ હરિભાઈ દેસાઈ હરિયાના સ્મરણાર્થે**

**સ્મૃતિ સૌજન્ય :** કૌશિક તથા વનિતા દેસાઈ હરિયા

# ''અનાવિલ પોકાર'' વાળા ગોવિંદજી

આખું નામ : ગોવિંદજી ડાહ્યાભાઈ નાયક કતારગામકર
જન્મ સાલ : ઈ.સ. ૧૮૯૫
મૃત્યુ : ઈ.સ. ૧૯૫૨
મૂળ વતન : કતારગામ

ગોવિંદજી ફકત પાંચ જ વર્ષના હતા, ત્યારે ગુજરાતી શાળાના શિક્ષક એવા પિતા ડાહ્યાભાઈ ગુજરી ગયા. વિધવા માતા જમનાબહેને ગોવિંદજી અને નાના દીકરા મણિલાલને ઉછેર્યા. ગરીબાઈને કારણે ગોવિંદજી અંગ્રેજી પાંચમા ધોરણ સુધી જ ભણી શકયા. ૧૯૧૦માં પંદરમે વર્ષે જ આજીવિકા માટે તેમણે એક પ્રેસમાં નોકરી લેવી પડી. એક રીતે એ ગોવિંદજી માટે વરદાનરૂપ નીવડયું. એમને ભાતભાતનું વાંચન વાંચવા મળ્યું અને શબ્દો સાથે સ્નેહ બંધાયો. ધીમે ધીમે એમને અનાવિલ જ્ઞાતિના તડા, વિખવાદ, કુરિવાજો, વિધવાઓ, ત્યકતાઓની સમસ્યા વિષે જાણવા મળ્યું. ઓછું શિક્ષણ અને જ્ઞાતિજનોમાં પ્રવતર્તી ગેરસમજો એમાં કારણભૂત છે. એ એમને જુવાનવયે જ સમજાયું. જ્ઞાતિએ ગૌરવ જાળવવું હોય તો જ્ઞાન અને કેળવણીનો પ્રચાર અને પ્રસાર થવા જોઈએ. ૨૫ વર્ષની વયે એક મિત્ર રઘનાથજી સાથે મળી એમણે એક પ્રેસ 'અનાવિલ પ્રેસ' શરૂ કર્યું.

થોડા જ સમયમાં એમણે સુરત બરાનપુરી ભાગળ, ભાજીવાળી પોળમાં સ્વતંત્રપણે 'અનાવિલ બંધુ પ્રિન્ટીંગ પ્રેસ' શરૂ કર્યું અને ૧૯૨૭થી 'અનાવિલ પોકાર' જ્ઞાતિમાસિક પણ શરૂ કર્યું. આ માસિક શરૂ કરવા પાછળ એમના ઉદ્દામ વિચારો હતા. દયાળજીભાઈના 'અનાવિલ સેવક' ની ચીલે ચાલવાનું નકકી કરી જ્ઞાતિની ઉન્નતિ માટે મજબૂત પ્રયાસો કર્યા. વર્ષનું લવાજમ ફકત રૂપિયા બે રાખી ગામેગામ ઘરેઘરે ફરી એમણે અ.પો.ના હજારો ગ્રાહક બનાવ્યા, અ.પો. અનાવિલોના ઘરેઘર સુધી પહોંચ્યું, એટલું જ નહીં જ્ઞાતિમાં અનેક સુધારા લાવવા જુવાનિયા લેખકો પાસે ખાસ લેખો પણ લખાવી છાપવા માંડયા. મરણોત્તર શ્રધ્ધક્રિયાખર્ચ, વાંકડા, જીવતી પર બીજી પત્ની, વૃધ્ધ લગ્નો વિરૂધ્ધ તથા વિધવા પુનર્લગ્ન જેવા સુધારા માટે રીતસર ઉગ્ર ઝુંબેશ ચલાવી. ખાનદાન-ભાઠલા ભેદ સામે એમણે તીખા પ્રહારો કર્યા. ખોટ ખાવા છતાં વિવિધ હેતુઓ માટે તેમણે અ.પો.ના 'સ્ત્રી અંક' અને 'બાળઅંક' પણ કાઢયા હતા. ઘણીવાર કેટલાક લોકો તરફથી તેમનો અનાદર થયો, ધમકીઓ મળતી પણ ગોવિંદજીએ હિંમતથી એનો સામનો કર્યો.

'અ.પો.' દ્વારા ગોવિંદજી એ બતાવ્યું કે જ્ઞાતિમાસિક કેવા હોવા જોઈએ. 'અનાવિલ સેવક'થી શરૂ થયેલી સુધારાવાળી પરંપરા તેમણે નિભાવી. અવારનવાર તેમણે લેખો પણ લખ્યા પણ એમનું સૌથી મોટું યોગદાન તો અ.પો. માસિક જ. ૧૯૫૨માં પ્રમાણમાં નાની ઉંમર તેમનું આકસ્મિક નિધન થયું પણ 'અ.પો.' અને તેની ઉજ્જવળ પરંપરા એમની પાછળના તંત્રીઓએ પણ નિભાવી.

અ.પો. સાથે મારો (પ્રફુલ્લ દેસાઈનો)

પાના નં. ૧૨ ઉપર

**સદ્‌ગત માતૃશ્રી મધુબેન, પિતાશ્રી અંબેલાલ દયાળજી નાયક સુલતાનપુર હાલ અમદાવાદના સ્મરણાર્થે**
**સ્મૃતિ સૌજન્ય** : નીલાબેન નાયક હરિયા હાલ જર્મની

# ''અનાવિલ પોકાર'' માંથી

– ''ડી ક્યૂબ''

શ્રી ડાહ્યાભાઈ દુર્લભભાઈ દેસાઈએ ઓગષ્ટ ૧૯૭૦ના 'અનાવિલ પોકાર'માં 'અમૂલ્ય અનેદુર્લભ ગ્રંથ'' એ શીર્ષક હેઠળ 'દક્ષિણ ગુજરાતના અનાવિલ બ્રાહ્મણો' ગ્રંથ વિષે લખ્યું છે : 'મૂળ કતારગામના પણ હાલમાં હાલર રોડ, સુથાર ચાલ, વલસાડમાં રહેતા શ્રી અંબેલાલ ગોપાળજી દેસાઈ એમ.એ. વ્યવસાયે શિક્ષક છે. 'દક્ષિણ ગુજરાતના અનાવિલ બ્રહ્મણો' નામનો એક દુર્લભ અને અમૂલ્ય ગ્રંથ પ્રસિધ્ધ કરીને એમણે અનાવિલો તેમજ બીજાઓ માટે પણ એક અતિ ઉપયોગી અને જાણવા યોગ્યા માહિતી પૂરી પાડી છે. એ ગ્રંથ લગભગ સવાપાંચસો પાનાનો છે અને તે જુદાં જુદાં સાડત્રીસ રસપ્રદ અને માહિતસભર પ્રકરણોમાં વહેંચાયેલો છે. ભાઈશ્રી અંબેલાલની આશરે દશથી બાર વર્ષની અથાગ મહેનતનું આ ફળ છે. અનાવિલ જ્ઞાતિ એ એક અતિ પ્રાચીન અને ઐતિહાસિક, શૂરવીર, બુધ્ધિશાળી, સ્વતંત્ર, સાહસિક તેમજ વ્યવહારકૂશળ જ્ઞાતિ છે. એ જ્ઞાતિમાં કેટલીક સામાજિક ક્ષતિઓ પણ છે. વિધવિધ માહિતીઓ આપી અનાવિલોનો પ્રથમથી તે આજ સુધીનો સવિસ્તર ઈતિહાસ આપી લેખકે આ કિંમતી ગ્રંથ લખી આપી આખી જ્ઞાતિને ઋણી બનાવી છે. હું ઘણા જ વિનમ્રભાવે કહેવાની ધૃષ્ટતા કરું કે આ ગ્રંથ વાંચ્યા પહેલાં ઘણાં થોડાં જ્ઞાતિજનોને અને બીજોઓને અંદર લખેલી સામગ્રીની પૂરી જાણ હશે. ગ્રંથમાં અનેક બાબતોનો બુધ્ધિપૂર્વક સમાવેશ કરવામા આવ્યો છે. જેવા કે ગામડાં, રીતરિવાજો, અટકો, નામો, સંસ્કાર, વસતી, ઉપનયનવિધિ, લગ્ન, અવસાન, કેળવણી, ઉત્સવો, ટેવો, સાહિત્ય, પહેરવેશ, આર્થિક સ્થિતિ, જીવનચરિત્રો, દંતકથાઓ, રમતગમત, જન્મ, પરદેશગમન વગેરે. આ બધું વાંચ્યા પછી ખરેખર દરેક અનાવિલને એમ થશે કે જ્ઞાતિ કયાંથી ઉદ્‌ભવી, કયાં હતી, કયાં છે અને કયાં જશે. વાંચકને આમ આ ગ્રંથ સારું એવું સુંદર અને જરૂરી વાંચન પૂરું પાડે છે.

મારી દ્રષ્ટિએ ભાઈશ્રી અંબેલાલ દેસાઈનું આ અજોડ ગ્રંથ પ્રગટ કરવાનું કાર્ય એક ભગીરથ કાર્ય ગણી શકાય. આ દળદાર પુસ્તક લખી, જ્ઞાતિને ચરણે ધરી એમણે જ્ઞાતિની ઉત્તમ સેવા કરી છે, એમાં લવલેશ પણ અતિશયોકિત નથી. હા, એક વાત સાચી છે કે એ ગ્રંથને સંપૂર્ણ ગ્રંથ કહી શકાય નહિ, કારણ કે એવી ઘણીયે બાબતો હશે કે કદાચ એમનું લક્ષ એ તરફ દોરાયું પણ નહોય યા તો કોઈ દ્વારા મેળવી પણ ન હોય, છતાં સમગ્રપણે એ ગ્રંથ માહિતીપ્રચુર કહેવાય, અને આવો અમૂલ્ય અને દુર્લભગ્રંથ જરૂર દરેકે દરેક કુટુંબમાં અવશ્ય હોવો જ જોઈએ કે જેથી આપણાં બાળકોને આપણી જ્ઞાતિનો ઐતિહાસિક ઈતિહાસ જાણવાની તક મળે. વળી લગ્ન કે જન્મદિન જેવા શુભ પ્રસંગોએ જેમ ભેટો અપાય છે, તેમ આ ગ્રંથની પણ ભેટ અપાય તો તે એક કિંમતી સ્મારક બની રહેશે. આ અગાઉ આવું દળદાર પુસ્તક કોઈ એ લખ્યું હોય એવું મારી જાણમાં નથી. આવું પુસ્તક લખી, બહાર પાડવું એ ખાવાના ખેલ નથી. એ માટે નિશ્ચય, ધગશ, હિંમત, સાહસ, ખંત અને

**સદ્‌ગત ધર્મપત્ની અં.સૌ. મણિબેન મગનલાલ નાયકના સ્મરણાર્થે**
**સ્મૃતિ સૌજન્ય** : પતિશ્રી મગનલાલ નાથુભાઈ નાયક – વાસણ, તા. ગણદેવી

સહકારની ખાસ જરૂર હોય છે. ઉપરના પાંચ ગુણોનો આશરો લઈ ભાઈ શ્રી અંબેલાલ દેસાઈએ એ ગ્રંથ પ્રગટ કર્યો, સાંભળવા પ્રમાણે પંદર હજાર રૂપિયા ખર્ચી હજારેક નકલ છપાવી તો હવે રહી જ્ઞાતિજનોની ફરજ અને તે ગ્રંથની નકલ ખરીદી એમને સહકાર આપવાની. સાંભળ્યું કે હજી ઘણી નકલો વેચાયા વિનાની એમની પાસે પડી રહી છે, જેથી ખર્ચેલી રકમ હજી નીકળી આવી સુધ્ધાં નથી. ગ્રંથ પ્રગટ કરવામાં કદાચ એમણે દેવું પણ કર્યું હોય એમ શંકા જાય છે. તો હવે પ્રશ્ન એ રહે છે કે જ્ઞાતિજનોએ પુસ્તક ખરીદી, ઘરમાં એને સ્મરણચિન્હ તરીકે રાખી, લેખકનો આર્થિક ભાર અને માનસિક ચિન્તા ઓછી કરવી જોઈએ. આવા દળદાર અને કિંમતી પુસ્તક માટે રૂપિયા પંદરની એની કિંમત કાંઈ વધારે કહેવાય નહિ, આવા મૂલ્યવાન ગ્રંથની ખરીદી કરી જ્ઞાનિજનોએ લેખકને પ્રોત્સાહન આપી એની પાસેથી હજી પણ વધુ સેવા લેવાનો આગ્રહ રાખવો જોઈએ.

લેખકે ભારે પરિશ્રમ કરી આ ગ્રંથ પ્રગટ કરી પ્રશંસાપાત્ર કાર્ય કર્યું છે. એની કોઈથી પણ ના પાડી શકાય એમ નથી. એ પુસ્તક એમણે તટસ્થ ભાવે લખ્યું છે. જ્ઞાતિની સારીનરસી બંને બાજુનું એમણે દિગ્દર્શન કરાવ્યું છે. સાચુ કહું તો આપણી આખી જ્ઞાતિ એમની ઋણી છે. આ ઋણમાંથી છુટવાને માટે મારી જ્ઞાતિજનોને એક નમ્ર વિનંતી છે કે તેઓ પોતાના ઘરમાં આ દળદાર કિંમતી ગ્રંથ રાખે. મને પૂરેપૂરો વિશ્વાસ છે કે આ બાબતમાં આપણી બુધ્ધિશાળી, સુશિક્ષિત અને કદરદાન જ્ઞાતિ પાછળ નહિ જ પડે. અંતમાં ભાઈશ્રી અંબેલાલ ગોપાળજી દેસાઈને તેમના આ મહા મુશ્કેલ કાર્ય માટે હાર્દિક અભિનંદન પાઠવું છું. વળી એવી અભિલાષા સેવું છું કે એમના આ મૂલ્યવાન દળદાર ગ્રંથ દરેક અનાવિલ કુટુંબમાં જઈ રસભેર વંચાય, અને એવી પરિસ્થિતિ સર્જાય કે લેખકને બીજી આવૃત્તિ છપાવવાની ફરજ પડે, જે જેમાં હજી બીજી માહિતીપૂર્ણ અને રસિક બાબતો નજરે પડે.''

શ્રી ડાહ્યાભાઈ દુર્લભભાઈ દેસાઈ 'ડીકયૂબ' ને નામે પણ વાર્તાઓ, લેખો, કાવ્યો લખતા હતા, એવું મારું માનવું છે, જો કે એમના વિષે મને વિશેષ માહિતી નથી. ■

# એમાં નવાઈ કેવી ?

- ઈશ્વરચંદ્ર મ. દેસાઈ

આપણા દેશમાં સંખ્યાની કમી કયારેય નડી છે ખરી ?

જુઓ....

શાળાએ જતી રીક્ષામાં ૧૨-૧૫ બાળકોતો ગીત ગાતા જતાં જોવા મળે !

અરે ! એક છકડામાં તો ખાસ્સા ૨૫-૩૦ જાનૈયા હાંકડ મુકડ પણ સમાઈ જાય !

બસની બહાર બાવન બેઠકો લખી હોય છતાં મેળાની બસમાંથી ઉતરતા પેસેન્જરો ગણી જોજોને !

અને મુંબઈની પરાંની ગાડીના એકે એક ડબ્બા ખીચોખીચ ભરેલા હોય તોય આખું ભરચક પ્લેટફોર્મ એમાં સમાઈ જાય ! છે ને જાદુ !

આ સંજોગોમાં....

ભારતના અવકાશી યાનમાં ૧૦૪ ઉપગ્રહો સમાઈ જાય તો એમાં વળી નવાઈ કેવી ?

હજી રેકોર્ડ તો હવે પછી તૂટશે !

પૂછો ઈસરોના વૈજ્ઞાનિકોને ! ■

**સદ્‌ગત માતૃશ્રી તારાબેન અમ્રતલાલ દેસાઈ તથા પિતાશ્રી અમ્રતલાલ મણિભાઈ દેસાઈ, કણબાડ મુંબઈના સ્મરણાર્થે**

**સ્મૃતિ સૌજન્ય :** શ્રી અજીતભાઈ રતિલાલ દેસાઈ ધમડાચી - બોરીવલી, મુંબઈ

# ઉરુલિકાંચનવાળા મણિભાઈ

આખું નામ : મણિભાઈ ભીમભાઈ દેસાઈ
જન્મ તારીખ : ૧૯૨૦ માં
મૃત્યુ :
જન્મ સ્થળ : મૂળવતન : કોસમાડા

બેઠી દડીના મજબૂત શરીરવાળા મણિભાઈને નાનપણથી જ પશુપાલનમાં રસ હતો. મૂળ વતન કોસમાડાથી આગળ ભણવા સુરત આવી દયાળજીભાઈના અનાવિલ આશ્રમમાં રહ્યા, ત્યારે ઋષિના આશ્રમ જેવું વાતાવરણ તેમને સદી ગયેલું. દયાળજીભાઈના ઉદ્દામ વિચારો તેમણે તત્કાળ ગ્રહણ કરી લીધેલા. અહીં 'વોલિબોલ' તો નિયમિત રમતા. આશ્રમના વોલિબોલ ટીમની આખા શહેરમાં ધાક અને એમાં આશ્રમની જ ચચ્ચાર ટીમો એ.બી.સી.ડી. અને એમાંય મણિભાઈના કપ્તાનપદવાળી ટીમ સૌથી જોરુકી. દયાળજીભાઈ આકસ્મિક નિધન વેળા મણિભાઈ અને હકૂમતરાય બી.એ.ના વર્ષમાં અભ્યાસની સાથે સાથે આશ્રમને અને દયાળજીભાઈના વૃધ્ધ માતા ગંગાબહેનને સાચવવામાં બન્ને મિત્રોએ જીવ લગાવી દીધો. પાછળથી ગાંધીજીનો સંપર્ક થતા મણિભાઈ ઉરુલિકાંચન (મહારાષ્ટ્ર)માં નિસર્ગોપચાર અને ગોપાલનકેન્દ્રમાં ખૂંપી ગયા.

મણિભાઈને પાછળથી ભારત સરકાર તરફથી 'પદ્મશ્રી'નો એવોર્ડ મળ્યો હતો. અખિલ ભારત ગોસંવર્ધન સમિતિએ 'ગોપાલરત્ન' એવોર્ડ પણ આપ્યો હતો. તે ઉપરાંત 'રેમન મેગ્સેસ'નું ૨૦૦૦ ડોલરનું પારિતોષિક મળ્યું હતું. વાટુમલ ફાઉન્ડેશન તરફથી ૧૦૦૦ ડોલરનું પારિતોષિક, દ.ગુ.યુનિ. તરફથી તથા મહાત્મા ફૂલે કૃષિ. યુનિ. તરફથી તેમને માનદ ડૉક્ટરેટ મળ્યું હતું. જમનાદાસ બજાજ પારિતોષિક પણ તેમને પ્રાપ્ત થયું હતું.

તેઓ અનાવિલ આશ્રમના ટ્રસ્ટી થયા અને એમના હસ્તે આશ્રમને ૨ લાખ રૂપિયાનું દાન કરવામાં આવ્યું. એમના પ્રયત્નથી જ અનાવિલ આશ્રમ 'દયાળજી આશ્રમ'ને નામે ઓળખાતો થયો. કૃષિ અને પશુપાલન વિષયક અનેક લેખો તેમણે લખ્યા હતા. એમાંથી 'ગોપાલન' નામનું પુસ્તક પણ એમણે પ્રગટ કર્યું હતું. ■

---

પાના નં. ૨૪થી ચાલુ

તેઓ બંને ન હોય ત્યાર પછી એ મિલકત સરખેભાગે અજય અને વિજયને મળે એ રીતનું વીલ બનાવડાવ્યું.

આજે અજય અને વિજય બંને ડોકટર છે. પારડીમાં હોસ્પિટલ શરૂ કરી છે. હોસ્પિટલનું નામકરણ શારદાબહેન હોસ્પિટલ રાખ્યું છે.

બાલુભાઈ અંબાચ ગામના કર્તાહર્તા અને સરપંચ છે અને સંપૂર્ણ જૈવકીય ખેતી કરાવે છે.

- અખંડ આનંદમાંથી સાભાર. ■



**સદ્‌ગત માતૃશ્રી અ.સૌ. મંજુલાબેન તથા પિતાશ્રી રમેશચંદ્ર છોટુભાઈ દેસાઈ, પુણી હાલ સોનગઢના સ્મરણાર્થે**
**સ્મૃતિ સૌજન્ય :** શ્રીમતિ નીલા હરેન્દ્ર દેસાઈ, વલસાડ

# શ્રી મણિભાઈ (ઉરુલિકાંચનવાળા) વિષે

– પ્રો. હકૂમતરાય દેસાઈ

'પૂ. ભાઈ'ની સ્મૃતિ તાજી રાખવાના મને યે અરમાન હતા. મેગેસેસે એવોર્ડ પ્રાપ્ત કરનાર દયાળજીભાઈના સાચા વારસદાર મણિભાઈ દેસાઈની દયાળજીભાઈએ આચરેલું કામ આગળ ધપાવવા 'દયાળ મંદિર' સ્થાપવાની મનોકામના હતી જ. પણ એ મનોકામના સાકાર કરવા એઓ પણ લાંબુ જીવ્યા નહિ. એમના પ્રાણ હૃદયરોગે જ હરી લીધા હતા, આ મણિભાઈ એમના પાંચેક સાથીઓની સાથે દિવાળીને ટાંકણે મારા ગામે એક દિવસ સાંજે આવી ચઢયા. હું ઘરે ના હતો પણ આગ લગાડવી કે પોસ્ટઓફિસ બાળવી કે રેલવેના પાટા ઉખેડી નાખવા એવી હિંસક ક્રાન્તિ કરવા ગાંધીબાપુએ કયાં કહ્યું છે, મણિભાઈ ! મારા પિતાએ પ્રશ્ન કર્યો.

'નાથુકાકા, પણ જયપ્રકાશજીએ તો કહ્યું જ છે ને !'

'જે સૂઝે તે કરજો પણ આઝાદી મળે નહિ ત્યાં સુધી જંપશો નહિ'
એવું તો બાપુએ પણ કહ્યું જ છે ને !

'મણિભાઈ, ધારાસણામાં જે અહિંસક પ્રતિકારનાં દ્રશ્યો અમે જોયાં છે તેમનો તો આવા હિંસક ઉત્પાતો રુચતા નથી. પછી તો તમારે જે કરવું હોય તે કરો ભાઈ !'

નાથુકાકા, હમણાં તો અમને આ ભારતમાતાની જંજીર તોડવા મંડી પડવા દો. પછી જોયું જવાશે ! હકુમતે આશ્રમનાં પાણી પીધાં છે તે ના ભૂલતાં. એ એવું કદીયે ના કરે કે જેનાથી તમને ય દુઃખ પહોંચે ને પૂ.ભાઈનો આત્મા પણ લજવાય !

માતાપિતાની મરજી ન હોવા છતાં આવતી કાલે પાછો આવી રહીશ. આજે ધોળીકુઈની મિલમાં અમારા બધાં મિત્રોનું મિલન છે તેથી જાઉં છું મણિભાઈ સાથે. એમ કહીને ચાલી ગયેલો ધોળીકુઈનાં ગુપ્ત ભૂગર્ભવાસમાં, ત્યાં ચર્ચા થઈ મીંઢોળા નદીનો પુલ બોમ્બ મૂકીને કેવી રીતે કયારે ઉડાવી દેવો તેની. મારા મનમાં અંગત જીવનનું ધમસાણ તો ચાલતું જ હતું ! વિચાર ઘુમરાતો હતો કે 'લાવને, હું જ બોમ્બ મૂકવાની જવાબદારી લઈ મીંઢોળાનો પુલ ઉડાવી દેવાની જવાબદારી માથે લઉં ! ભલેને એમ કરતાં શહીદ થઈ જવાય ! લગ્નની બેડીયે તૂટશે સદાને માટે ને ભારતમાતાની જંજીર તોડવા શહીદ થઈશ તો નામે અમર થઈ જશે, વિનોદ કિનારીવાલાની જેમ ! મેં તો કહી દીધું એ મિલનમાં કે 'બોમ્બ મૂકીને મીંઢોળાનો પુલ ફૂંકી મારવાની જવાબદારી મારી !' મણિભાઈ એકદમ ગુસ્સે થઈ ગયા ! હારાકીરી કરવી છે કેમ ? કાયર કહીનો ! તારું એ કામ નથી, ને તારાથી એ થાય તેમ નથી. તારે અત્રેથી પાછા ફરીને જે ચેતના ને ચિનગારી પેટાવવાનું કામ કરે છે તે જ કરવાનું છે ! ભોગે જોગે જો હું પકડાઈ જાઉં તો પછી તારે જે કરવું હોય તે કરજે.'

વીલે મોઢે ગામ પરત થયો, મૂંઝાયેલો !

'સૂરતના સિંહ'તી પરબે ૧૯૧ ■

**સદ્‌ગત માતૃશ્રી અ.સૌ. વિરૂમતિ તથા પિતાશ્રી બળવંતભાઈ ભીમભાઈ દેસાઈ, અટક પારડી-વલસાડના સ્મરણાર્થે**

**સ્મૃતિ સૌજન્ય :** શ્રીમતિ નીલા અને હરેન્દ્ર બળવંતરાય દેસાઈ, વલસાડ

# સત્યઘટના – બાલકૃષ્ણ

– અવિનાશ દેસાઈ

કર્ણપ્રિય એવા મધુર લહેકાવાળા અને કેળવાયેલા અવાજ સાથે દાદુભગતનાં ભજનોમાં સહુ મગ્ન હતા. ચાલુ ભજનની રમઝટમાં જ વચ્ચે ચાલી આવી અને ગોવિંદના કાનમાં કંઈક કહી ગઈ. મલકાતે મુખે ગોવિંદે પ્રેમાના કાનમાં એ જ વાત કરી, પ્રેમાએ વળી એ જ વાત આગળના કાનમાં કહી જયારે છેલ્લે પ્રથમ પંકિતમાં દાદુભગતની નજીક બેઠેલા ઝવેર એ સમાચાર દાદુભગતને કાનમાં કહ્યા ત્યારે દાદુભગતનું મુખ મલકાઈ ગયું. સાથે સાથે જ સામે મૂકેલા બાલગોપાલના ફોટા સામે જોઈને એમની આંખો ભીની થઈ ગઈ. એ સાથે જ હરિ હરિ બોલથી ભજન આટોપાઈ ગયાં. દાદુભગતને ત્યાં દીકરો આવ્યાના એ સમાચાર હતા. દાદુભગતને ભજનમંડળમાં હાથ જોડીને જાહેરાત કરી કે મારે આંગણે 'બાલગોપાલ' પધાર્યા છે.

ત્યારથી જ દીકરાનું નામ બાલકૃષ્ણ અંકિત થઈ ગયું. વલસાડ જિલ્લાના પારડી તાલુકામાં અંબાચ એ નાનકડું ગામ, દાદુભગતનું નાનું ખોરડું અને આછી-પાતળી ખેતીની આવક હતી. તે જમાનામાં મોટે ભાગે ગામડાંમાં ઘરે જ સુવાવડ થતી. દાદુભગત મસ્ત મૌલા જીવ, ન તો ઝાઝું ભણતર કે ન શાસ્ત્રોનું અધ્યયન. દાદુ અને પાલી બંને આનંદી જીવ. હવે બેમાંથી ત્રણ થયાં. રોટલે સુખી પણ વહેંચીને ખાવાનો જીવ એટલે કોઈ ખાસ બચત નહીં. બાલકૃષ્ણને જયારે પ્રાથમિક શાળામાં દાખલ કર્યો ત્યાં સુધીમાં બાલકૃષ્ણનું ટુંકું નામ બાલુ થઈ ગયું હતું.

પ્રાથમિક શિક્ષણ ગામમાં પૂરું થયું ને હાઈસ્કૂલનું ભણતર પૂરૂં થતાં જ એને માથેથી માતા-પિતાની છત્રછાયા દુર થઈ. આગળના ભણતર માટે હવે કોઈ અવકાશ ન હતો. આર્થિક ઉપાર્જન જરૂરી હતું.

નોકરીની શોધમાં એણે ઝાઝું રખડવું ન પડયું. પારડીની નજીકમાં જ અતુલમાં એને અતુલ પ્રોડકટ્સમાં નોકરી મળી ગઈ. અતુલ પ્રોડકટ્સનાં કેમ્પસની બહાર હાઈ-વે પાસે એણે બે રૂમ ભાડે રાખીને નોકરીના શ્રીગણેશ પણ કરી દીધા. ગૌરવર્ણ, ખડતલ બાંધો અને છ ફુટની ઊંચાઈ સાથે ચમકદાર આંખો સાથે એની આગવી પ્રતિભા હતી. સાથે સાથે દાદુભગતના સંસ્કારોનું સિંચન ભારોભાર હતાં. દાદુભગતની ત્રણ શિખામણો એણે હૃદયસ્થ કરી લીધી હતી. ભલા થવું, પ્રામાણિક રહેવું અને વહેંચીને ખાવું. દર શનિ રવિ એ ગામ જતો. નાના-મોટા સહુને એનાથી બનતી આર્થિક, શારીરિક, માનસિક મદદ કરતો, સંસ્કારની આભા કયારેય ઝાંખી પડતી નથી. કેશુકાકા જેવા ગામના કર્તા-કર્તા ને તો એ ધ્યાન બહાર મેય જ કયાંથી ? એક શુભ અવસર જોઈ કેશુકાકાએ બાલુને ઘરે બોલાવી પોતાની હૃદય-ગુફામાં ભંડારી રાખેલી વાત કહેવાની તક લઈ લીધી.

"ભાઈ બાલુ ! દાદુભગતની ખોટ તો આખા ગામને સાલે છે. હવે તારે માથે કોઈ વડીલ રહ્યા નથી એટલે..."

**સદ્‌ગત માતૃશ્રી અ.સૌ. કાંતાબેન તથા પિતાશ્રી રમણલાલ અંબેલાલ દેસાઈ, ધમડાચીના સ્મરણાર્થે**
**સ્મૃતિ સૌજન્ય :** પરિવાર તરફથી

એમને વચ્ચે જ અટકાવી બાલુએ કહ્યું, "કેમ કાકા એમ બોલો છો ? તમે મારા વડીલ નથી ?" "હા, ભાઈ હા એ નાતે જ તો તારી આગળ હું પ્રસ્તાવ મૂકું છું, મારા રાજેન્દ્રની સગાઈ કરી છે. સાથે સાથે શરાદા માટે પણ વિચારીએ છે. ઘરનાં બધાંય જો તુન 'હા' પાડે તો શારદાનું તારી સાથે નકકી કરી ઓણસાલ લગ્ન ઉકેલી હું ને તારાં કાકી છૂટા થઈએ.' વાકય પૂરું કરી કેશુભાઈ બાલકૃષ્ણ તરફ આશાભરી નજરથી જોઈ રહ્યા.

બાલકૃષ્ણે નીચી નજર ઢાળી કહ્યું, "બાપાના એક મિત્ર અને હવે માત્ર મારા એક વડીલને નાતે તમે મારે માટે જે વિચારો તે યોગ્ય જ હશે."

તે દિવસે આખા ગામમાં ગોળ-ધાણા વહેંચાયા અને અંબાચ ગામનાં સહુએ એ જોડીને વધાવી ને એકબીજાને કહેતાં, "ભાઈ ! બાલુ-શારદાની જોડી તો જાણે સાક્ષાતા રાધાકૃષ્ણની જોડી જ લાગે. ધન્ય છે કેશુભાઈની પહોંચતી નજરને."

નવી જગ્યા, નવા સાથીઓ અને નવા માહોલને સમજયા પછી અનુકૂળ થતાં વાર લાગતી નથી. ધી અતુલ પ્રોડકટ્સ લિ. નો પહેલો દિવસ તો સ્ટાફની ઓળખવિધિ અને સીસ્ટમને જાણવામાં જ ગયો. સ્ટાફ ખૂબ મોટો છતાંય એક વીકમાં લગભગ બધાંનાં નામો અને ચેહરા યાદ રહી ગયાં. બીજા વીકની એક સવારે ઓફિસમાં ઝેર જારીા નાં પેપરો જોતો હતો. ત્યાં ઓફિસના પટાવાળા ગાંડાભાઈએ કહ્યું, "સાહેબ ! આપણા સ્ટાફના બાલુભાઈ આપને મળવા માંગે છે."

પહેલીવાર સાંભળેલા એ નામ સાથે મળવાની હા પાડી. બાલુભાઈ નમસ્કાર કરી બોલ્યા, "સાહેબ ! મારું નામ બાલકૃષ્ણ પટેલ. આ નામ ફકત પેપર ઉપર જ છે. મને સહુ બાલુ કહે છે. આપ સાહેબે જયારે ચાર્જ લીધો ત્યારે હું રજા પર હતો. હું આપણા પ્લાન્ટના કામદારભાઈઓના યુનિફોર્મ માટેનો લોન્ડ્રી રૂમ સંભાળું છું. અને ગાંડાભાઈ જયારે જયારે રજા પર જાય છે ત્યારે ત્યારે એમની જગ્યા પણ સંભાળું છું." મેં એમને બેઠક ઓફર કરી પણ એમણે ઊભા રહેવાનું જ મુનાસીબ માન્યું. મેં એમને મારી ઓળખાણ આપતા કહ્યું.

"હું વિરેન દેસાઈ. પહેલાં હું મુંબઈ જોબ કરતો હતો, હવે અતુલ પ્રોડકટ્સે મને આપણા નેપ્થલીન ઈન્ટરમિડિયેટ પ્લાન્ટની જવાબદારી આપી છે. તમારા બધાના સહકારથી આપણે આપણી કંપનીના લક્ષ્યાંકનેપૂર્ણતાથી પહોંચી વળશું એવી આશા છે." ઔપચારિક વાતો કરી અને છૂટા પડયા. પ્રોડકશન ઓફિસમાંથી આવતાં-જતાં બાલુભાઈનો લોન્ડ્રીરૂમ વચ્ચે જ આવતો હતો. હું સતત એમને કાર્યરત જોતો. કયારેક કયારેક તેઓ સોય-દોરો અને કાતર લઈને યુનિફોર્મ રિપેર કરતા હોય, નવાં બટન ટાંકતા હોય, આવી બધી કાર્યવાહી પર નજર પડી જતી. ઘણીવાર કામદારભાઈઓ ફરિયાદ કરતા કે તેઓ નવા યુનિફોર્મ ઈસ્યુ નથી કરતા. એક દિવસ એમને મેં કહ્યું, "બાલુભાઈ કામદારભાઈઓને નવા યુનિફોર્મ ઈસ્યુ કરીદેવામાં બહુ કરકસર ન કરો તો ચાલે."

"સાહેબ ! યુનિફોર્મમાં શર્ટ કે પેન્ટમાં કશે નાનું અમથું કાણું પડયું હોય કે બટન તૂટયાં હોય

**સદ્‌ગત માતૃશ્રી અ.સૌ. વસુમતિ તથા પિતાશ્રી નટવરલાલ મણિભાઈ દેસાઈ, ભદેલી-મુંબઈના સ્મરણાર્થે**
**સ્મૃતિ સૌજન્ય :** પરિવાર તરફથી

તો હું રિપેર કરી દઉં છું. બાકી સારા જ હોય છે. શા માટે કંપનીને માથે ખોટો બોજ નાખવો?"

એમની વાત તદ્દન સાચી હતી એટલે હસતાં હસતાં હું ઓફિસમાં ચાલ્યો ગયો. મોટેભાગે લંચના સમયે હું ઘરે જતો હોઉં ત્યારે બાલુભાઈ કંઈ ને કંઈ લખ્યા કરતા હોય, બાજુમાં એકાદ બે પુસ્તકો પડયાં હોય.

મારા પટાવાળા ગાંડાભાઈ એમની દીકરીનાં લગ્ન લેવાનાં હોઈ એક મહિનાની રજા પર ગયા અને એ દરમિયાન બાલુભાઈ એમની જગ્યા સંભાળતા હતા. સાથે સાથે લોન્ડ્રીરૂમનું કામ તો ખરું જ. એ ગાળા દરમિયાન મેં જોયું કે જેવો હું ી ની ટ્રેકમાં કાગળો મૂકું કે તુરત જ તેઓ જે તે ડિપાર્ટમેન્ટમાં એને પહોંચાડી દેતા. ફાઈલિંગની ટ્રેમાંથી તુરંત કાગળો પઈલ થઈ જતાં. એકવાર મેં એમને કહ્યું, "બાલુભાઈ ! ઘડી ઘડી આંટાફેરા ન કરો તો કાંઈ નહીં, દિવસમાં એક વાર પેપરો લઈ જાવ અને એક જ લાર ફાઈલિંગ કરો તો પણ વાંધો નહીં."

સદાય હસતે ચહેરાએ વાત કરે તેમ જ તેમણે કહ્યું, "સાહેબ ! જે તે વિભાગમાં પેપરો પહોંચાડું તો કામ આગળ ધપતું થાય અને ફાઈલિંગ પણ કરી દઉં એટલે તમારે અરજન્ટ કામ હોય તો ટ્રેમાં પેપરો ઉથલાવવા ન પડે." મેં તો એમની સરળતા માટે સૂચન કર્યું હતું, કારણ કે પ્લાન્ટને ત્રણ ફ્લોર હતા અને ત્રણ -ત્રણ દાદરો ઘડી ઘડી ચઢવા ઉતરવાના અને તેઓ કદીયે લિફ્ટની રાહ જોતા નહીં, જો કે મને એ બાબતે કોઈ અગવડતા ન હતી. ઘણીવાર બીજા પ્લાન્ટના મેનેજર લેબ ઈન્ચાર્જ કે બીજા ડિપાર્ટમેન્ટના અધિકારીઓ સાથે વાત થતી તો તેઓ કહેતા કે 'હા, તમારા પેપરો રોજ મળી જાય છે. આજ કાલ બાલુ આ જવાબદારી સંભાળતો લાગે છે.' હા, વાત સાચી જ હતી. બાલુભાઈની સીસ્ટમ જાણીતી થઈ ગઈ હતી અને સહુને અનુકૂળ પણ હતી.

મારા સહુથી નજીકના મિત્રો હતાં મારાં પુસ્તકો. ખાસ કરીને જીવનચરિત્રો, પ્રેરણાત્મક, આધ્યાત્મિક અને દાર્શનિક તે ઘણીવાર મારી રેકમાં હોય, ટેબલ પર પડયાં હોય કે મારી કારમાં પડયાં હોય. દરેક પુસ્તક પર બાલુભાઈની નજર હોય. એમ્પનો પુસ્તક પ્રેમ મારા જેટલો જ કે એથી વિશેષ પણ હોય. તેઓ એ લંચમાં લઈ જતા. કયારેક ઘરે પણ લઈ જતા અને એમાંથી નોંધ ટપકાવતા. અમારી ચર્ચા દરમિયાન એ કહેતા, "સાહેબ ઘણીવાર પુસ્તકો બે વાર વાંચવા પડે. અમુક પરિસ્થિતિમાં લેખકનો વ્યૂ સમજાતો નથી પણ શબ્દ શબ્દને ફોડે છે એટલે બીજીવાર એની સમજૂતી થઈ જાય છે."

પછી તો અમારા સંબંધોમાં એક ડગલું આગળ મુકાયું. એમની પુસ્તક-પ્યાસ વારંવાર મારા ઘરની મુલાકાતો માટે પ્રેરણા દેતી રહી. મારી દીકરીઓ શિવાની અને શીતલ પણ બાલુકાકા સાથે હળી ગઈ. વળી મારી પત્ની રોહિણી અને એમનાં પત્ની શારદા વ્યવસાયે ટીચર હતાં. શારદાબહેન ફર્સ્ટગેઈટ પર આવેલી પ્રજ્ઞા સ્કૂલમાં હતાં જયારે રોહિણી અતુલની કલ્યાણી સ્કૂલમાં. બંને કુટુંબને જોડતી મુખ્ય કડી ટીચરની હતી. એમને બે દીકરાઓ હતા - અજય અને વિજય.

એક દિવસ ફર્સ્ટ ગેઈટ પાસે બાલુભાઈને હળવો અકસ્માત નડયો હતો. એ જ દિવસે અમે

સહકુટુંબ એમને ઘેર ખબર કાઢવા ગયાં. નાનકડા અજય વિજય, 'હા, પપ્પા. હા પપ્પા'ના ટહુકાથી એમનો બોલ ઉઠાવતા હતા. બાલુભાઈને મેં પૂછયું, "બંને સરખા લાગે છે. બેમાંથી મોટું કોણ ?"

"અજય મોટો છે. બંને વચ્ચે ખાસ ફરક નથી. ત્રણ-ચાર મહિનાનો ફેર છે."

હું એકદમ વિચારમાં પડી ગયો કે બે બાળકો વચ્ચે એકાદ વર્ષનો ફેર હોઈ શકે પણ ત્રણ-ચાર મહિનાનો કેવી રીતે ? મારા ચહેરાનું અવલોકન કરતાં હસતાં હસતાં બાલુભાઈ બોલ્યા. "સાહેબ ! એકદમ વિચારમાં ને ?" ખરેખર વિચારમાં પડી જવાય આવું જ છે. વિજય મારા સાળા રાજેન્દ્રનો દીકરો છે. સાળાવેલી એને જન્મ આપીને દેવલોક પામ્યાં. અમારા બંનેના લગ્ન સાથે જ થયાં હતાં. લગ્ન પછી સસરાજી દેવલોક પામ્યા. ડિલીવરી માટે શારદા ત્યાં જ હતી. લગભગ એક-દોઢ વરસ એ ત્યાં જ રહી. અજય્રા સાથે વિજયને પણ એણે જઉછેર્યો. પછી તો વિજય શારદા વિના રહે જ નહીં. રાજેન્દ્ર પોતાનું દુઃખ ભૂલવા રાત-દિવસ ખેતીવાડીમાં જ મગ્ન રહેવા લાગ્યો, સાથે નવો ધંધો ચાલુ કર્યો. રાજેન્દ્રની મરજીથી અમે વિજયને સાથે લઈ આવ્યા. અજયની સાથે હવે અમે જ એનાં મમ્મી-પપ્પા બની રહ્યાં છીએ.

મનોમન એમને વંદન કરી હું અને રોહિણી ઘેર આવ્યાં. આ પ્રસંગ મારા માનસ પર દ્રઢ છાપ અંકિત કરી ગયો. દાદુભગતના સંસ્કારને બાલકૃષ્ણે અકબંધ રાખ્યા છે. વળી એ જ વર્ષે સ્કુલ શરૂ થતાં પહેલાંની ઉનાળુ રજામાં એક દિવસ બાલુભાઈ સહકુટુંબ મારે ત્યાં આવ્યા. એમને સમસ્યા હતી વિજયના એડમિશનની કારણ કે પ્રજ્ઞા સ્કૂલમાં ધોરણ પાંચ સુધીના જ વર્ગો હતા એટલે ત્યાં સુધી તો બંને શારદાબહેન સાથે જતા, હવે કલ્યાણી હાઈસ્કૂલ અતુલ પ્રોડકટ્સની ખાનગી હાઈસ્કૂલમા હતી. જેમાં અતુલ, સીબા-તુલ, અતિક કે સાઈને માઈડ કે કેમ્પસની ચાર ઈન્ડસ્ટ્રીઝના એમ્પ્લોઈડનાં સંતાનોને જ પ્રવેશ મળી શકતો એટલે`જયનું એડમિશન નિશ્ચિત હતું, જ્યારે વિજયને માટે પ્રશ્ન હતો.

આચાર્ય કાયસ્થ સાહેબે એ માટે નિયમનુસાર ના પાડી હતી. રોહિણીએ એમને માટે ફર રજૂઆત કરી. લિજયની પૂર્વભૂમિકા-મા વિહોણું સંતાન-બાલકૃષ્ણની વાલી બની શિક્ષણ આપવાની ઝંખના વગેરે. કાયસ્થ સાહેબે આ પ્રશ્ન મેનેજમેન્ટ સમક્ષ મૂકયો. ધી અતુલ પ્રોડકટ્સના એક આદર્શ, નિષ્ઠાવાન અને પ્રમાણિક એમ્પ્લોઈ તરીકે બાલુભાઈને માટે મેં કવક્ષ-લેટર આપ્યો હતો. સ્કૂલ શરૂ થતાં પહેલાં એક વિશિષ્ટ (સ્પેશિયલ) કેસ ગણીને વિજયને એડમિશન મળી ગયું.

આ પ્રસંગ પછી અમારા બંનેના કુટુંબ પ્રેમનાં વિશિષ્ટ બંધનથી બંધાઈ ગયા. વાર-તહેવાર કે આધ્યાત્મિક પ્રસંગો સાથે ઉજવવા, છોકરાઓને લઈને તીથલને દરિયાકિનારે જવું. લોહીના સંબંધો આપણા જન્મ સાથે આપણને નિશ્ચિત રૂપે મળતા હોય છે. જયારે આત્મીય સંબંધો આપણા આચાર-વિચાર, સંસ્કાર અને વ્યવહારથી સર્જાતા હોય છે. મારા અને એમનાં બાળકો એકબીજાના સાથ-સહકારથી, માતાઓની પ્રેરણાથી અને અવનવા પ્રોજેકટમાં બાલુભાઈના આગેવા પ્રદાનથી તેઓ પોતાના વર્ગોમાં પ્રથમ આવતા હતા.

હજી આજે પણ એ પ્રસંગ ભુલાતો નથી જયારે ભારત છોડયું ત્યારે બાલુભાઈ નાના

પાના નં. ૨૪ ઉપર

# મૃત્યુનો મલાજો

– ઠાકોરભાઈ મ. નાયક, સુપા

સમગ્ર માનવસમાજ બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય અને શુદ્ર એવા ચાર વર્ણોમાં સામુહિક કાર્ય અનુસાર વહેંચાયેલો એમ મનાય છે એમાં અનાવિલ જ્ઞાતિને બ્રાહ્મણ ગણવામાં આવે છે પરંતુ આનાવિલ જ્ઞાતિને અયાચક બ્રાહ્મણ ગણી તે બ્રાહ્મણ જ્ઞાતિના પેટા પ્રકાર અનાવિલ બ્રાહ્મણ તરીકે ગણાતી આવે છે. અનાવિલ જ્ઞાતિ સ્વભાવે સ્વામાની છે અન્ય બ્રાહ્મણોની જેમ યાચના યા માગણી એના સ્વભાવમાં નથી, આથી સમગ્રતયા અનાવિલ બ્રાહ્મણ અયાચક રહ્યો છે.

ચાર વર્ણોમાં બ્રાહ્મણ જ્ઞાન સાથે, ક્ષત્રિય રક્ષણ સાથે, વૈશ્ય વેપાર સાથે શુદ્ર સેવા સાથે સંકળાયેલા છે. દરેક કર્મની આગળ પાછળ વિચાર સંકળાયેલા છે. વિચાર જો સદ્‌માર્ગે લઈ જનાર હોય તો સિધ્ધિઓ અપાવે સદ્‌માર્ગે લઈજનાર વિચાર વાચનથી મેળવાય છે અને કેળવાય છે. સદ વાચનનો અસરકારક પ્રભાવ છે. ધર્મ પુસ્તકોમાં પણ જન્મ, જીવન અને મૃત્યુ વિશે વિસદ્ છણાવટ થયેલ છે. અને થતીજ રહે છે. આપણને પણ અવાર નવાર તેની ઝાંખી થતી રહે છે. અને જન્મને ખુશાલીનો તથા મૃત્યુને શોકનો પ્રસંગ પ્રસંગોપાત યાદ આવતો રહે છે.

હાલમાં "શ્રધ્ધાંજલિ" નામે મનાતો રિવાજ તે મૃત્યુ ટાણે અસલ (લગભગ ૭૦-૭૫ વર્ષ) થી મનાતો, પળાતો રડવા કુટવાના રિવાજનું થયેલ પરિવર્તિત સ્વરૂપ હોવાનું લાગે છે. જે જમાનો, સમય, સંજોગો અનુસાર થોડા ઘણા ફેરફાર સાથે ટકી રહેલ છે. અને જ્ઞાતિ, સમાજ, વિકાસ, સામુહિક માન્યતાઓ વગેરે અનુસાર નવી પેઢીને તે બદલવા યોગ્ય અને જુની પેઢીને તે ચાલુ રાખલા જેવા લાગે છે. અને એ રીતે બંને પક્ષે ખાંધિયા સ્મશાનમાં હાજર રહે તેનું ઋણના નામે દંભ બીન જરૂરી અથવા જરૂરી લાગતા હોય છે. વચ્ચે લાહણા નામે વાસણ તથા દોહિત્ર પવાલા તથા મોટા વાસણનો રિવાજ પણ ચાલુ છે. સંસ્થામા દાન તકતીનો રિવાજ મરજીયાત ધોરણે ચાલુ છે. મારી યાદ દાસ્ત મુજબ અસલ રડવા કુટવાના રિવાજમાં મૃતકનું અવસાન થતાં ગામ પરગામના સંબધી મિત્રો શોક મનવવા એક દિવસ સમૂહમાં આવે તેમાં સ્ત્રીઓ કુંડાળામાં ઉભા રહી મૃતકની જીવન ઝરમર અમુક રાગ-તાલમાં ગાય ગવડાવે અને અન્ય બે હાથ છાતી પર કુટવાની ક્રિયા કરે આ વખતે કરુણતા ફેલાઈ જાય છે.

ધીમે ધીમે આ રિવાજ બંધ પડતો ગયો અને તેની જગ્યાએ માત્ર રડવાનો રિવાજ રહ્યો. આ પણ કરુણ રસ રેલાવી મનનો ડૂમો-ખરખરો મટાડવાનો જ એક પ્રકાર હતો. જે બધી સ્ત્રીઓને ન આવડે પણ જે કરુણતા ફેલાય તે વાતાવરણને ગમગીન અવશ્ય બનાવી દે. રડવાના આ રિવાજને છેડો વાળવો પણ કહે છે.

હવે આ રિવાજ પણ બંધ પડતો ગયો છે. અને તેની જગ્યાએ બેસવા જવાનો અથવા બેસણામાં હાજરી આપી થોડો વખત મૃતકના સગા સબંધીઓને મૌન દ્વારા યા આશ્વાસનના શબ્દો દ્વારા શ્રધ્ધાંજલિ આપવામાં આવે છે. અને એ રીતે શોક હળવો કરવામાં આવે છે. હવે કેટલીક વાર સમાજના હોલમાં યા જાહેર સ્થળે શ્રધ્ધાંજલિ કાર્યક્રમ ગોઠવવામાં આવે છે. તેમાં અગ્રણી વ્યકિતઓ મૃતકની જીવન ઝરમર વર્ણવે છે, અને તદ્ અનુસાર જીવન વ્યતિત કરવા સૂચના કરવામાં

આવે છે. આ રિવાજને "પ્રાર્થનાસભા" નું નામ પણ આપવામાં આવે છે. પ્રાર્થના સભાના કાર્યક્રમનો સમય પણ ઘટતો જાય છે. સ્થળ મોકળાશનું રાખવામાં આવે છે. મંડપ પણ બંધાય છે. અને ઝડપી જમાનાની તાસીર પણ ખડી થાય છે. પરિણામે આગામી ટૂંક સમયમાં જેમ કુટવું, રડવું, છેડો વારવો, બેસણું, શ્રધ્ધાંજલિ વગેરે શબ્દો મૃત્યુનો ખરખરો કરવા વપરાતા તે હવે લુપ્ત થતા જાય છે અને પ્રાર્થના સભા-શોકસભા જેવા શબ્દો રહી જાય એમ લાગે છે.તે પણ ટેલીફોન, મોબાઈલ જેવા ઉપકરણો દ્વારા છેવટે મૃતાત્માની શાંતિ સદ્‌ગતિ અપાતી થઈ જશે. <u>આ થઈ અશુભ શબ્દથી અધુરા રાખેલ મૃત્યુના સંદેશના પોસ્ટકાર્ડ થી મોબાઈલ સુધીની સફર....</u>

આપણા સમાજમાં હજુ પણ મૃત્યુના મલાજા તરીકે પ્રથમ ૧૨-૧૩ દિવસ શ્રાધ્ધ કર્મના ગણવામાં તથા મનાવવામાં આવે છે, તેમાં મૃતકના આત્માને પરમ શાંતિ મળે અને પુર્નજન્મમાં ઉત્તમ કોટી-યોની મળે એવી શ્રાધ્ધ ક્રિયા કરવામાં આલે છે. અને તે દિવસે જમણમાં લાડુ વગેરે તો ખરાં જ શ્રાધ્ધ અથવા પ્રેત ભોજનને કુટવા... રડવાથી માંડીને હજુ પણ પ્રાર્થના સભા સુધી સ્થાન મળતુ રહ્યું છે. પ્રેત ભોજન પાછળ અનાવિલોએ ઘણું સહયું છે. મોટાને બદલે નાના પ્રેત ભોજનો (કુટુંબ પુરતા પણ) ચાલુ રહયા છે. તે બંધ કરવા સમાજ સુધારકો ઘણો પ્રયત્ન કરે છે પણ નાના સ્વરૂપે હજુ ચાલુ છે.

અસલ ગામના ગામ પ્રેત ભોજન બંધ કરાવવા પિકેટિંગ પણ થતા હતા અમારા ગામે પ્રેત ભોજન નિમિત્તે બનેલા એક બે રમુજી પ્રસંગોની અમારા વડવાઓ વાત કરતા તેની યાદ તાજી કરી મારા પિતાજી પણ હાસ્ય ફેલાવતા.

એવો એક પ્રસંગ તે અંબાડા ગામે પ્રેત ભોજન (સમારંભ) માં માન આપીને ભાગ લેવા જવા બાબત રકઝકનો હતો ગામના ઘણા લોકો અંબાડા લાડવા ખાવા જવાના હતા તેથી ખંડુભાઈ પણ તૈયાર થયા ચોમાસુ હોવાથી તેમના માતૃશ્રી જમના બાએ ખંડુને કહ્યું દીકરા ચોમાસાના કિચડમાં તું અંબાડા જવાનું માંડીવાળ, તો ખંડુભાઈએ અંગ્રેજીનો કકડો ન જાણનાર જમના બા ને કહ્યું "શું જમના હું નહિ જઈશ ?"

Shall I Not G to Ambada ? લાડવા ખાવા ?

ના ના હુંતો જઈશ જ"

એવો એક બીજો રમુજી પ્રસંગ જણાવુ છું ગામની એક ડોસીમાં (માસીબાનું) પ્રેત ભોજન ચાલી રહયું હતું તેજ સમયે બીજી માસીબાનો દીકરો માસી ભાઈ-મોસિયાત આવી ચડયો. તો તેને પણ જમવા બેસાડી દીધો જમતાં જમતાં આગંતુક માસી ભાઈએ કહ્યું "મોહિયાત મોહિયાત માહી કયા છે ?" "અરે મોહિયાત તું ડાગઈરાકર ડગઈરાકર અતુંતારી માહીના જ લાડવા ખાઈ રહયો છે. 'તેટલુ નથી સમજાતું ? અને આખી પ્રેત ભોજનની પંગત હાસ્યના રેલાવામાં સરી પડી. અને હવે અમારા પરાગકાકા કે જેઓ આખા ગામમાં પરાગ ભોજલીના નામે ઓળખાતા તેમના મૃત્યુ સમયે મલાજો કેમ પાળી શકાય તે જોવાની રમુજીવાત કરી લઈએ.

છેલ્લા શ્વાસ લેવાતા હોય એવા મૃત્યુની એકાદ મિનિટ પહેલાં ગામના બુઝર્ગો કે અનુભવીઓ નાડી તપાસી મૃત્યુ અગાઉ નવડાવી ખાટલા પરથી નીચે ભોંય પથારીએ સુવાડતા અને કાનમાં મોટેથી રામ રામ બોલવા કહેતા.

સુપાના પરાગકાકા - પરાગ ભોજલી આ પ્રમાણે મરણ પથારીએ (જેને ભોંય મુકયો કહેતા) સુતા હતા અને અર્ધભાન જેવી

સ્થિતિ હશે ત્યારે તેમને તે સૂચના છેલ્લા શબ્દો રામ રામ બોલવા માટે સંભળાયા. પણ પરાગકાકા જેનું નામ તેણેતો મરણ પથારીએ સુઈને પ્રતિભાવમાં કહ્યું કે દીકરા મારી જગ્યાએ હુઈ તો જો.... રામ રામ રામ...

આવું છેલ્લા શ્વાસની ક્ષણો ભાંગી તુટી રીતે પણ સાચવવા પ્રયત્ન થતો રહેતો.

હજુ પણ તે મૃતકની નનામી શબવાહિની માં મુકતાં શ્રીરામ..... શ્રીરામ..... કોરસમાં સ્મશાન યાત્રીઓને સંભળાય છે.

ઉપરના એક પેરેગ્રાફમાં રડવા કુટવા, છેડો વાળવો વગેરેનો જે ઉલ્લેખ થયો તેનો મારી સ્મૃતિમાં એક ઝાંખી યાદ રહી ગઈ છે તે જણાવું છું.

એક ગામમાં એક નાના બાળકનું અવસાન થયું ત્યારે તેની માતા રડતાં રડતાં હતાં (છેડો વાળતાં) "બેની તું તો ચુંદડી ઓઢીને સુતી પણ આપણા જનકને સુરતે ઓળખીને ખાડેથી ખોળે તું લેજે."

માતાના બોલાયેલા આ શબ્દો ઘણું કહી જાય છે. જેમ કે -ચુંદડી ઓઢીને સુતી એટલે કે સૌભાગ્યવતી અવસાન પામી. સુરતે ઓળખીને એટલે કે ચેહરા પરથી ઓળખી કાઢી ખાડેથી ખોળે એટલે મૃતકને દાટેલા ખાડા માંથી કાઢી ખોળામાં લઈ તેને (મૃત બાળક જનકને) રમાડજે. (કારણ કે તે વહેલી મૃત્યુ પામી હોવાથી તેં સજીવન જનકને જોયો નથી એટલે તારે સુરતે (ચહેરાની ઓળખ પરથી) ઓળખીને સ્મશાનમાં દાટેલા જનકને કાઢી તારા ખોળામાં લઈ રમાડવો પડશે.

રડવા જવાના આવા પ્રસંગે ગમગીનીનુ વાતાવરણ સર્જાય છે ત્યારે કેટલીક વાર પોતાના કોઈ મૃત સ્વજન યાદ આવી જાય ત્યારે તે પોતાનું જ દુઃખ રડવા માંડે છે.

આ રીતે મૃત્યુનો મલાજો સમય સંજોગ અનુસાર પોતાની માન્યતા અનુસાર પળાતો-મનાતો કે પરિવર્તીત થતો હોય છે. અસ્તુ....

અંતે...

મંગલ મંદિર ખોલો દયામય....

(બે મિનીટ મૌન)

ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ ■

---

પાના નં. ૨૧થી ચાલુ

બાળકની જેમ મને વળગીને ધ્રુસકે ધ્રુસકે રડયા હતા. અમારા અમેરિકાના આગમન પછીય આજ દિન સુધી એમનાં કટુંબની ગેરહાજરીનો શૂન્યવકાશ અનુભવીએ છીએ. ઈલેકટ્રોનિક ઉપકરણોના માધ્યમથી અને ભારત આવતાં જતાં મળવાનું થતું રહ્યું છે, હજીય એ સંબંધો મજબૂત-ગાઢ અને યાથવત્ છે.

અમેરિકા આવ્યા પછીના બે પાંચ વર્ષોમાં બાલુભાઈએ અતુલની નોકરી છોડી દીધી. એમના સાળા રાજેન્દ્રનું અવસાન થયું. રાજેન્દ્ર વીલમાં ગામનું પોતાનું વિશાળ મકાન, ખેતીવાડી અને વ્યાપાર એમ તમામ સ્થાવર જંગમ મિલકત બાલુભાઈ અને શારદાબહેનના નામે કરી ગયા હતા. બાલુભાઈ એમાં રાજી ન હતા. તેઓ તમામ મિલકતનો હકદાર વિજયને ગણતા હતા. છતાંય મારી સમજાવટથી વિજય પગભર થાય ત્યાં સુધી એના કસ્ટોડિયન બની રહ્યા.

જયારે વિજય પગભર થયો, ત્યારે એમણે રાજેન્દ્ર તરફથી મળેલી તમામ મિલકત વિજયને નામે કરી દીધી. વિજયે ફરી વીલ બનાવી એ તમામ મિલકત જયાં સુધી શારદાબહેન અને બાલુભાઈ છે ત્યાં સુધી એમને નામે અને

પાના નં. ૧૬ ઉપર

# સમાચાર વિભાગ

સહસંપાદક

## જન્મ :

- વેસ્મા હાલ ચીખલીના શ્રીમતિ પારૂબેન તથા કમલેશભાઈ પ્રમોદરાય દેસાઈની પુત્રવધૂ અને કબીલપોર, નવસારીના શ્રીમતિ વર્ષાબેન તથા શ્રી ભાસ્કરભાઈ ખંડુભાઈ દેસાઈ ની પુત્રી સૌ. મૌનિકા પાર્થ દેસાઈ નો પુત્ર તા. ૦૮-૦૮-૨૦૧૮... **કબીર**

## પ્રકીર્ણ

- વેસ્મા હાલ વડોદરાના શ્રી રોનક(ગુરૂ) કિરીટભાઈ દેસાઈ 'દેસાઈ કેટરર્સ'એ ફેડરેશન ઓફ ઓલ ઈન્ડિયા કેટરર્સ, જયપુર ખાતેથી વર્ષ ૨૦૧૮નો શ્રેષ્ઠ કામગીરી માટેનો એવોર્ડ મેળવી જ્ઞાતિનું ગૌરવ વધાર્યું છે.
- ભાટિયા હાલ વડોદરાના શ્રીમતિ અર્ચનાબેન તથા શ્રી હિમાંશુભાઈ કાંતિલાલ નાયકની પુત્રી ઈશિતાએ બી.પી.ટી. ની પદવી પ્રથમ વર્ગમાં પારૂલ યુનિવર્સિટી, વડોદરામાંથી મેળવી, વધુ અભ્યાસ અર્થે કેનેડા ગયા છે.
- ગણદેવી હાલ વડોદરાના શ્રી અજયકુમાર રમણલાલ દેસાઈ રીલાઈન્સ/ઈન્ડસ્ટ્રીઝ આઈ.પી.સી.એલ., વડોદરામાંથી મેનેજર (પ્રોસેસ) પદેથી ૩૮ વર્ષની નિષ્ઠાસભર સેવા બાદ વયમર્યાદાના કારણે તા. ૩૧-૦૮-૨૦૧૮ ના રોજ નિવૃત થયા છે. નિરામય રહો.
- સુલતાનપુર હાલ મણિનગર, અમદાવાદના શ્રીમતિ સોનલબેન હરેશભાઈ દેસાઈને રાષ્ટ્રિય કેમિકલ્સ એન્ડ ફર્ટિલાઈઝર્સ લિમિટેડ માં જનરલ મેનેજર પદે બઢતી મળી છે. તેઓ પ્રથમ મહિલા જનરલ મેનેજર બન્યા છે.
- ગંધોર, તા. ગણદેવી ના શ્રીમતિ બીનાબેન તથા શ્રી ધર્મેશકુમાર જયદેવભાઈ દેસાઈની પુત્રી આયુષી એ એમ.એસસી. (મેથ્સ)ની પદવી 8.42 CGPA સાથે પ્રથમ વર્ગમાં વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી સુરતથી મેળવી છે.
- વેસ્મા હાલ નવસારીના એડવોકેટ શ્રી હરેશભાઈ એમ. વશી પરિવાર પુત્ર જીગરની પુણ્યતિથિ ૧૫ ઓગસ્ટે સ્મરણાંજલિ રૂપે રેડક્રોસ, નવસારીના સહયોગથી રક્તદાન શિબિર યોજી સદ્કાર્ય કરી રહ્યા છે. આ અનુસંધાને ૧૩મો શિબિર યોજી ૬૧ યુનિટ રકત બ્લડ બેન્કને આપ્યું છે. દુ:ખને ઉત્સવનો આકાર આપ્યો હોવાથી આ પ્રસંગે દેશભકિત ગીતોનું આયોજન થયું હતું. નવસારી પંથકના અનેક આગેવાનો અને સેવા સંસ્થાઓના પ્રતિનિધિઓ હાજર રહયા હતા.

# તેજસ્વી તારલા ★ ★ ★ ★ ★ ★

**S.S.C., H.S.C. ના પરિણામો.**

આ પરિણામો જાહેર થયા છે. જય શુકલેશ્વર માસિકમાં વિનામૂલ્યે પ્રકીર્ણ વિભાગમાં પ્રસિધ્ધ કરવામાં આવશે. મૂળગામ હાલ કયાં રહો છો માતા તથા પિતાનું પુરૂ નામ લખી ગુણપત્રકની સ્વપ્રમાણિત ઝેરોક્ષ અવશ્ય મોકલવી. ૧૦૦ માંથી ૧૦૦ ગુણ જે વિષયમાં પ્રાપ્ત કર્યા હોય તે જણાવવું.

**ધોરણ ૧૨ (HSC) વિજ્ઞાન પ્રવાહ**

- ભાટિયા હાલ વડોદરાના શ્રીમતિ વૈશાલીબેન તથા શ્રી મંચકભાઈ કાંતિલાલ નાયકના પુત્ર વિશાલ GSEB 91% 99.68 PR, A-2 ગ્રેડ મેળવી IIT(BHU) વારાણાસી માં મિકેનિકલમાં પ્રવેશ મેળવ્યો છે.
- ચીખલી હાલ સુરતના શ્રીમતિ ઝંખના તથા શ્રી હરિહર શશિકાંત દેસાઈ ના પુત્ર ધ્યેય HSEB 86.44%. ચારૂસેટ યુનિવર્સિટી ચાંગામાં આઈ.ટી. માં પ્રવેશ મેળવ્યો છે.
- નવાપુર હાલ સુરતના શ્રીમતિ છાયા તથા ડૉ. મિતેશ લક્ષ્મીકાંત દેસાઈની પુત્રી મિલી CBSE નીટ ઓલ ઈન્ડિયામાં 492 મો રેન્ક મેળવી આઈ.આઈ. એસ.ઈ.આર. પુનામાં પ્રવેશ મેળવ્યો છે.

**ધોરણ ૧૦ (SSC)**

- વાસણ તા. ગણદેવીના શ્રીમતિ તેજલબેન તથા શ્રી સુનીલકુમાર મોઘાભાઈ નાયકની પુત્રી ઋત્વિ 92.5 %, 99.64 PR, A-1 ગ્રેડ
- ધમડાછાના શ્રીમતિ શીતલબેન તથા શ્રી આનંદકુમાર આઈ. વશીના પુત્ર કેવલ 82.66%, 96.45 PR, A-2 ગ્રેડ
- સાલેજ હાલ અડાજણ, સુરતના શ્રીમતિ કાજલબેન તથા શ્રી જીગરભાઈ વિનોદભાઈ નાયકના પુત્ર લય CBSE 81.80%, A-2 ગ્રેડ

---

**શ્રાવણમાસ ચલિત શિવલિંગ સ્થાપના ઉત્સવ : સોળ સોમવાર :** તા. ૧૨-૦૮-૨૦૧૮ના રોજ કન્યાઓ / સ્ત્રીઓ/ યાત્રાળુઓની સુવિધા અર્થે કારોબર સભ્ય શ્રી પ્રમોદભાઈ મગનલાલ નાયક તથા શ્રીમતિ હેમાબેન અમલસાડના અજમાન પદે શિવાલયની બહારના પ્રાંગણમાં ચલિત શિવલિંગની સ્થાપના ભૂદેવ શ્રી પંકજભાઈ જોષી-ધનોરી દ્વારા વેદોકત મંત્રોચ્ચારોથી કરવામા આવી. તા. ૧૩-૦૮-૨૦૧૮ને સોમવારના દિવસે ૮૦૦ કન્યાઓએ સોળ સોમવાર વ્રત ગ્રહણ કરી પૂંજન અર્ચના આરતી કરી. શ્રી શુકલેશ્વરધામ ૐ નમઃ શિવાય ના નાદથી ગુંજી ઉઠયું, તા. ૧૦-૦૯-૨૦૧૮ ના રોજ કારોબારી સભ્યશ્રી પ્રમોદભાઈ મગનલાલ નાયક તથા શ્રીમતિ હેમાબેન અમલસાડ અને શ્રી પંકજભાઈ ઠાકોરભાઈ નાયક તથા શ્રીમતિ વર્ષાબેન સાલેજના યજમાન પદે ચલિત શિવલિંગની ઉત્થાપન વિધિ કરવામાં આવી.

# અવસાન

નીચેના જ્ઞાતિજનોના અવસાનની નોંધ લેતાં ખેદ થાય છે.
પ્રભુ એ સર્વના આત્માને ચિર શાંતિ આપો.

- 
ચક્ષુદાતા
વસાણ, અમલસાડના ડૉ. સુનીલભાઈ મોઘાભાઈ નાયકના કાકા શ્રી ધીરૂભાઈ ગોપાળજી નાયક (નિવૃત એલ.આઈ.સી) નું ઉ.વ. ૮૬, તા. ૨૭-૦૭-૨૦૧૮

- 
ચક્ષુદાતા
કછોલી હાલ વલસાડના ગં.સ્વ. રક્ષાબેના પુત્ર, શ્રીમતિ જાનકીબેનના પતિ, શ્રી મનોજભાઈ તથા કુ. જેનિકાના પિતા શ્રી જનકભાઈ બલ્લુભાઈ નાયકનું ઉ.વ. ૪૮, તા. ૦૬-૦૮-૨૦૧૮

- 
ચક્ષુદાતા
રાણત તા. મહુવાના શ્રી રમેશભાઈ તથા કિરીટભાઈના માતૃશ્રી ગં.સ્વ. મઘુબેન મોહનલાલ નાયકનું ઉ.વ. ૮૯, તા. ૦૭-૦૮-૨૦૧૮

- 
ચક્ષુદાતા
અમલસાડના શ્રી ભરતભાઈ, શ્રી રાજેશભાઈ, શ્રી દીપકભાઈ તથા શ્રી સુનીલભાઈના કાકા શ્રી દોલતભાઈ રઘુનાથજી નાયકનું ઉ.વ. ૮૯, તા. ૧૧-૦૮-૨૦૧૮

- દિવેદ હાલ વડોદરાના શ્રીમતિ સુરભિબેનના પતિશ્રી નીતિનભાઈનું ઉ.વ. ૭૨, તા. ૦૮-૦૮-૨૦૧૮
- નિયોળ હાલ વડોદરાના શ્રી હિતેન્દ્રભાઈ, શ્રી અનિશભાઈ (નવસારી) તથા શ્રી જયપ્રકાશભાઈ (ચલથાણ) ના માતૃશ્રી ગં.સ્વ. શારદાબેન બાબુભાઈ દેસાઈનું ઉ.વ. ૮૨, તા. ૧૭-૦૮-૨૦૧૮
- એરૂ હાલ હાલર, વલસાડના શ્રી હિતેન્દ્ર તથા શ્રી દિગેશના પિતાશ્રી ઠાકોર(શંકર)લાલ છોટુભાઈ વશીનું ઉ.વ. ૮૪, તા. ૧૭-૦૮-૨૦૧૮
- વેગામ હાલ વડોદરાના શ્રી જીગરના પિતાશ્રી સંજીવભાઈ મનુભાઈ દેસાઈ નું ઉ.વ. ૬૩, તા. ૧૯-૦૮-૨૦૧૮, અમેરિકા મુકામે
- વેસ્મા હાલ નવસારીના શ્રી સુબોધભાઈ તથા શ્રી ગિરીશભાઈના પિતાશ્રી ભીમભઈ મગનલાલ દેસાઈ નું ઉ.વ. ૯૭, તા. ૦૧-૦૯-૨૦૧૮
- તેજલાવ, તા. ચીખલીના શ્રી દીપકભાઈના પિતાશ્રી ભીખુભાઈ દયાળજી દેસાઈનું ઉ.વ. ૯૧, તા.

- 
ચક્ષુદાતા
પોંસરા તા. જલાલપોરના શ્રી શરદભાઈ તથા શ્રી જનકભાઈના માતૃશ્રી ગં.સ્વ. કાંતાબેન ભીખુભાઈ નાયકનું ઉ.વ. **૧૦૨**, તા. ૧૪-૦૮-૨૦૧૮

- 
ચક્ષુદાતા
વલસાડ પારડીના શ્રી રમેશભાઈ તથા શ્રી વિનોદભાઈના માતૃશ્રી કાંતાબેન દિનકરભાઈ દેસાઈનું ઉ.વ. ૯૩, તા. ૧૫-૦૮-૨૦૧૮

- 
ચક્ષુદાતા
ખરસાડ હાલ બિલીમોરાના શ્રી કિરીટભાઈ તથા શ્રી મુકેશભાઈના માતૃશ્રી ગં.સ્વ. શારદાબેન ઠાકોરભાઈ દેસાઈનું ઉ.વ. ૯૦, તા. ૦૫-૦૯-૨૦૧૮

૦૮-૦૮-૨૦૧૮

- બોણંદના ગં.સ્વ.નીરૂબેન ચીમનલાલ નાયકના પુત્ર શ્રી મહાદેવભાઈનું ઉ.વ. ૪૪, તા. ૧૦-૦૮-૨૦૧૮
- અબ્રામા, વલસાડના શ્રી કાંતિલાલ અંબેલાલ દેસાઈના પુત્ર શ્રી દિવ્યેશ(લાલુ)ભાઈનું ઉ.વ. ૪૮, તા. ૧૨-૦૮-૨૦૧૮
- વેસ્માના શ્રી રૂષભના પિતાશ્રી ભરતભાઈ છોટુભાઈ વશીનું ઉ. વ. ૬૧, તા. ૧૨-૦૮-૨૦૧૮
- જોળવા હાલ વલસાડના શ્રી મનહરભાઈ ભીમભાઈ દેસાઈના ધર્મપત્ની અ.સૌ. નીલિનાબેનનું ઉ.વ. ૭૭, તા. ૧૪-૦૮-૨૦૧૮
- તલંગપુર હાલ વરાછા, સુરતના અ.સૌ. ધર્મિષ્ઠાબેન કીર્તિભાઈ દેસાઈનું ઉ.વ. ૬૬, તા. ૧૫-૦૮-૨૦૧૮
- ટકારમા, તા. ઓલપાડના શ્રી ગૌરાંગ તથા શ્રી ઉત્સવના પિતાશ્રી મહેશભાઈ રમણભાઈ દેસાઈનું ઉ.વ. ૫૮, તા. ૨૦-૦૮-૨૦૧૮
- વાસણ હાલ ઝામ્બિયાના શ્રી અકુંરના પિતાશ્રી અજીતભાઈ લલ્લુભાઈ નાયકનુ ઉ.વ. ૬૧, તા. ૨૦-૦૮-૨૦૧૮
- ભદેલી હાલ વલસાડના શ્રી કિશોરભાઈ પ્રાગજીભાઈ દેસાઈ નું ઉ. વ. ૭૬, તા. ૨૦-૦૮-૨૦૧૮
- ચીખલીના શ્રી જયેશભાઈના માતૃશ્રી ગં.સ્વ. લીલીબેન ઈશ્વરલાલ દેસાઈનુ ઉ.વ. ૯૦, તા. ૨૧-૦૮-૨૦૧૮
- વડોલી (સરભોણ) હાલ અડાજણ, સુરતના સૌ.રક્ષાબેન બિપીનભાઈ દેસાઈ તથા

સૌ.કામિનીબેન કમલેશભાઈ દેસાઈના માતૃશ્રી ગં.સ્વ. જશુબેન નટવરલાલ દેસાઈનું ઉ.વ. ૭૩, તા. ૨૩-૦૮-૨૦૧૮

- ખરસાડના શ્રી કિરણભાઈ, શ્રી પ્રકાશભાઈ તથા શ્રી મનીષભાઈના માતૃશ્રી ગં.સ્વ. શર્મિષ્ઠાબેન ગુણવંતરાય દેસાઈ નું ઉ.વ. ૮૪, તા. ૨૪-૦૮-૨૦૧૮
- કછોલી હાલ અમેરિકાના શ્રી હેમંતભાઈ તથા શ્રી યોગેશભાઈના માતૃશ્રી ગં.સ્વ. પ્રભાબેન રમેશચંદ્ર વશીનું ઉ.વ. ૮૩, તા. ૨૫-૦૮-૨૦૧૮ અમેરિકા મુકામે.
- કઠોદરા હાલ સુરતના શ્રી હિરેનભાઈ તથા શ્રી અમિતભાઈન પિતાશ્રી દોલતભાઈ ઠાકોરભાઈ દેસાઈનું ઉ.વ. ૮૧, તા. ૨૬-૦૮-૨૦૧૮
- કનસાડ હાલ અડાજણ,સુરતના શ્રી હિરેનભાઈના માતૃશ્રી ગં.સ્વ. કાંતાબેન મોહનલાલ નાયકનું ઉ.વ. ૮૭, તા. ૨૬-૦૮-૨૦૧૮.
- અંચેલી હાલ છાપરા રોડ, નવસારીના શ્રી દીપકભાઈના માતૃશ્રી ગં.સ્વ. પુષ્પાબેન બાબુભાઈ વશીનું ઉ.વ. ૮૧, તા. ૨૯-૦૮-૨૦૧૮.
- વલોટી, તા. ગણદેવીના શ્રી ભગુભાઈ ડાહ્યાભાઈ નાયકનું ઉ.વ. ૯૦, તા. ૩૧-૦૮-૨૦૧૮
- કછોલીના શ્રી અમૃતભાઈના માતૃશ્રી ગં.સ્વ. પાર્વતીબેન રમણલાલ(દાદા) દેસાઈનું ઉ.વ. ૯૩, તા. ૦૩-૦૯-૨૦૧૮
- કરણ, તા. પલસાણાના શ્રી ઈશ્વરભાઈ ભીમભાઈ નાયકના ધર્મપત્ની અ.સૌ. રમીલાબેન નું ઉ.વ. ૭૭, તા. ૦૪-૦૯-૨૦૧૮.
- કછોલી હાલ નવસારીના શ્રીમતિ પારૂલ કેયૂર દેસાઈના માતૃશ્રી ગં.સ્વ. કુસુમબેન કૌશિકભાઈ દેસાઈનું ઉ.વ. ૬૯, તા. ૦૬-૦૭-૨૦૧૮. પુત્રી પારૂલે અગ્નિદાહ આપી માતૃઋણ અદા કર્યું.
- પાર ફળિયા, નવસારીના શ્રી હસમુખભાઈ મગનલાલ દેસાઈના ધર્મપત્ની અ.સૌ. સરલાબેનનું ઉ.વ. ૭૦, તા. ૦૯-૦૮-૨૦૧૮
- આશાબાગ, નવસારીના ગં.સ્વ મધુબેન ડાહ્યાભાઈ નાયકનું ઉ.વ. ૮૬, તા. ૦૯-૦૮-૨૦૧૮

**સૌને શ્રધ્ધાસુમન......**

**માસિક શિવરાત્રી :** શ્રી શુકલેશ્વર તીર્થધામ અનાવલે અષાઢ વદ તેરસને તા.૦૯-૦૮-૨૦૧૮ ના ગુરુવારે શ્રી જયશભાઈ બળવંતરાય નાયક તથા શ્રીમતિ રક્ષાબેન અને પરિવાર વેગામ હાલ સુરતના યજમાન પદે પૂજન અર્ચન થયા. આરતી, મહાપ્રસાદ, થાળ, અભિષેક ભકિતભાવથી શ્રી શુકલેશ્વરદાદાને ચરણે અર્પણ થયા.

# સંસ્થા સમાચાર

સંકલન - અનાવલ ઓફિસ

## ● ''જય શુક્લેશ્વર'' પ્રકાશનનાં નવા ગ્રાહકો :

| નંબર | નામ | ગામ | નંબર | નામ | ગામ |
|---|---|---|---|---|---|
| ૧૦૩૭૦ | આશિષ આર. નાયક | પૂણે | ૧૦૩૭૨ | સુભાષ ભીખુભાઈ દેસાઈ | વાપી |
| ૧૦૩૭૧ | ડૉ. જગત ગુલાબભાઈ દેસાઈ | કિલ્લા પારડી | ૧૦૩૭૩ | કશ્યપ રાજેશ વશી | નવસારી |

## ● ''જય શુક્લેશ્વર'' પ્રકાશન નિભાવ ફંડ :

| રકમ | નામ | ગામ | ગ્રા.નં. |
|---|---|---|---|
| રૂા. ૧૦૦૦/- | ડૉ. જગત ગુલાબભાઈ દેસાઈ | કિલ્લા પારડી | |
| રૂા. ૧૦૦૦/- | સુભાષ ભીખુભાઈ દેસાઈ | વાપી | |
| રૂા. ૧૫૦૦૦/- | શ્રીમતિ પ્રમીલાબેન તથા શ્રી ભૂપેન્દ્રરાય દુલ્લભભાઈ નાયક | અમલસાડ (ટ્રસ્ટી) વૃંદ | |

## ● તબીબી સહાય :

| | | | |
|---|---|---|---|
| રૂા. | ૨૦,૦૦૦/- | પદમાબેન ઈશ્વરલાલ વશી | નવસારી |
| રૂા. | ૩૫,૦૦૦/- | શરદ(મંગુ)ભાઈ કસનજી દેસાઈ | બિલીમોરા |
| રૂા. | ૧૦,૦૦૦/- | યશ પંકજભાઈ દેસાઈ | દેગામ |
| રૂા. | ૭,૦૦૦/- | મનીષાબેન રાકેશકુમાર દેસાઈ | નવસારી(એરૂ) |
| રૂા. | ૧૫,૦૦૦/- | રૂચિત ભરતભાઈ દેસાઈ | વલસાડ |
| રૂા. | ૭,૦૦૦/- | ભાવનાબેન પરેશભાઈ નાયક | વકતાણા |
| રૂા. | ૩૦,૦૦૦/- | દીપ્તિબેન મહેન્દ્રભાઈ નાયક | ગડત |
| રૂા. | ૨૦,૦૦૦/- | મધુબેન નટવરલાલ મહેતા | ધનોરી |
| રૂા. | ૫૦,૦૦૦/- | મિનેશકુમાર દોલતરાય મહેતા | અજરાઈ |
| રૂા. | ૪,૦૦૦/- | માલાબેન હેતલભાઈ દેસાઈ | વલસાડ |
| રૂા. | ૨,૦૦૦/- | સુશીલાબેન હરિશચંદ્ર દેસાઈ | નવસારી |
| રૂા. | ૪,૦૦૦/- | તરલ જીગર દેસાઈ | કોસંબા |
| રૂા. | ૧૦,૦૦૦/- | પરાગજી નાથુભાઈ દેસાઈ | રાનકુવા |
| રૂા. | ૩,૦૦૦/- | સુશીલાબેન રમણલાલ નાયક | મોટી સરોણ |

| | | | |
|---|---|---|---|
| રૂા. | ૩,૦૦૦/- | ઉષાબેન યશવંતરાય દેસાઈ | કોંઢ |
| રૂા. | ૪૦,૦૦૦/- | અમર કિશેર દેસાઈ | વાપી |
| રૂા. | ૪૦,૦૦૦/- | તેજસ હેમંતભાઈ દેસાઈ | સુરત |
| રૂા. | ૧૦,૦૦૦/- | ભવ્ય મહેશભાઈ દેસાઈ | નવસારી |
| રૂા. | ૧૦,૦૦૦/- | રંજનબેન છગનભાઈ નાયક | સુરત |
| રૂા. | ૮,૦૦૦/- | જીગીષા આર. નાયક | નવસારી |

## ● રૂા. ૫,૦૦૦/- થી વધુ રકમના દાનો સાભાર સ્વીકાર :

- ૫૧,૦૦૦/- કીકી(કાંતા)બેન રણજીતભાઈ વશી હાંસાપેર હાલ નવસારી સ્વ. ખડુંભાઈ ગુલાબભાઈ નાયક (વડદલા, તા. પલસાણા, જી. સુરત) ના સ્મરણાર્થે મિલકત નિભાવ / વિકાસ (ઓફિસ) અર્થે.
- ૫૧,૦૦૦/- જસ્મિન જયંતિલાલ દેસાઈ બિલીમોરા મિલકત નિભાવ / વિકાસ (ઓફિસ) અર્થે
- ૨૦,૦૦૦/- શ્રીમતિ પ્રમીલાબેન તથા શ્રી ભૂપેન્દ્રરાય દુલ્લભભાઈ નાયક અમલસાડના ટ્રસ્ટી વૃંદ શ્રીમતિ પ્રમીલાબેન તથા શ્રી ભૂપેન્દ્રરાય દુલ્લભભાઈ નાયક અમલસાડના સ્મૃતિ સૌજન્યાર્થે જનરલ ફંડ અર્થે.
- ૫૦૦૧/- દોહિત્રો ધ્રુતિ ભૂપેન્દ્રભાઈ દેસાઈ તથા રોહન ભૂપેન્દ્રભાઈ દેસાઈ સુરત સ્વ. રમીલાબેન જયંતિભાઈ દેસાઈ (વશિયરવાળા) મદનવાડ, વલસાડ હાલ સુરતના સ્મરણાર્થે.
- ૫૦૦૦/- મનહરભાઈ બી. દેસાઈ પાલી હિલ વલસાડ સ્વ. બલ્લુભાઈ તથા સ્વ. મણિબેનના સ્મરણાર્થે તબીબી સહાય નિધિ અર્થે.
- ૫૦૦૧/- અ.સૌ. સુનીતાબેન ઠાકોરભાઈ નાયક ભત્રીજાવહુ અંચેલી હાલ વડોદરા તરફથી સ્વ. છોટુભાઈ ખુશાલભાઈ નાયક (અંચેલી)ના સ્મરણાર્થે અસહાય પુરૂષ નિધિ અર્થે.
- ૫૦૦૧/- ધનસુખ ઝીણાભાઈ દેસાઈ દાદરા (સેલવાસ) માતૃશ્રી સ્વ. ઈન્દુબેન ઝીણાભાઈ દેસાઈના સ્મરણાર્થે વિધવા સહાય નિધિ અર્થે.
- ૧૧૦૦૦/- પ્રભાબેન કિરીટભાઈ દેસાઈ પરિવાર સુરત તરફથી સ્વ. શ્રી કિરીટભાઈ ધીરૂભાઈ દેસાઈ (વાડીવાલા)ના સ્મરણાર્થે ગરીબ વિદ્યાર્થી સહાય નિધિ અર્થે.
- ૧૧૦૦૦/- પ્રભાબેન કિરીટભાઈ દેસાઈ પરિવાર સુરત તરફથી સ્વ. શ્રી કિરીટભાઈ ધીરૂભાઈ દેસાઈ (વાડીવાલા)ના સ્મરણાર્થે વિધવા સહાય નિધિ અર્થે.
- ૫૧૦૦૦/- કીકી(કાંતા)બેન રણજીતભાઈ વશી હાંસાપોર હાલ નવસારી તરફથી સ્વ. ખડુંભાઈ ગુલાબભાઈ નાયક (વડદલા, તા. પલસાણા, જી. સુરત) ના સ્મરણાર્થે શિક્ષણ સહાય નિધિ અર્થે.
- ૧૫૦૦૦/- શ્રીમતિ પ્રમીલાબેન તથા શ્રી ભૂપેન્દ્રરાય દુલ્લભભાઈ નાયક અમલસાડના ટ્રસ્ટી વૃંદ શ્રીમતિ પ્રમીલાબેન તથા શ્રી ભૂપેન્દ્રરાય દુલ્લભભાઈ નાયક અમલસાડના

સ્મૃતિ સૌજન્યાર્થે વિધવા સહાય નિધિ અર્થે.

- ૧૫૦૦૦/- શ્રીમતિ પ્રમીલાબેન તથા શ્રી ભૂપેન્દ્રરાય દુલ્લભભાઈ નાયક અમલસાડના ટ્રસ્ટી વૃંદ શ્રીમતિ પ્રમીલાબેન તથા શ્રી ભૂપેન્દ્રરાય દુલ્લભભાઈ નાયક અમલસાડના સ્મૃતિ સૌજન્યાર્થે અસહાય પુરૂષ સહાય નિધિ અર્થે.
- ૧૫૦૦૦/- શ્રીમતિ પ્રમીલાબેન તથા શ્રી ભૂપેન્દ્રરાય દુલ્લભભાઈ નાયક અમલસાડના ટ્રસ્ટી વૃંદ શ્રીમતિ પ્રમીલાબેન તથા શ્રી ભૂપેન્દ્રરાય દુલ્લભભાઈ નાયક અમલસાડના સ્મૃતિ સૌજન્યાર્થે શિક્ષણ સહાય/સ્કોલરશિપ નિધિ અર્થે.
- ૧૫૦૦૦/- શ્રીમતિ પ્રમીલાબેન તથા શ્રી ભૂપેન્દ્રરાય દુલ્લભભાઈ નાયક અમલસાડના ટ્રસ્ટી વૃંદ શ્રીમતિ પ્રમીલાબેન તથા શ્રી ભૂપેન્દ્રરાય દુલ્લભભાઈ નાયક અમલસાડના સ્મૃતિ સૌજન્યાર્થે તબીબી સહાય નિધિ અર્થે.
- ૧૫૦૦૦/- શ્રીમતિ પ્રમીલાબેન તથા શ્રી ભૂપેન્દ્રરાય દુલ્લભભાઈ નાયક અમલસાડના ટ્રસ્ટી વૃંદ શ્રીમતિ પ્રમીલાબેન તથા શ્રી ભૂપેન્દ્રરાય દુલ્લભભાઈ નાયક અમલસાડના સ્મૃતિ સૌજન્યાર્થે ગરીબ વિદ્યાર્થી શિક્ષણ સહાય નિધિ અર્થે.

## અગત્યની નોંધ

**જય શુકલેશ્વર માસિક માટેના કોઈ પણ સમાચાર જેવા કે જન્મ, યજ્ઞોપવિત, શુભલગ્ન, પ્રકીર્ણ, અવસાન (મૂળ વતન, હાલ કયાં રહો છો, આખુ નામ અટક સાથે ઉંમર, તારીખની વિગતો સંપૂર્ણ હોવી જરૂરી છે.) વગેરે જય શુકલેશ્વરમાં છપાય છે તે મુજબ ફકત અને ફકત A-4 પેપરમાં જ ટાઈપ કરેલ માહિતીને જ સ્થાન આપવામાં આવશે. મિત્રો... પ્રેસની કામગીરીમાં સહયોગ આપવા વિનંતી... જેથી ભૂલો નિવારી શકાય.**

**અગત્યનું :- ૧)** અંકો ટપાલમાં રવાના કર્યા પછી અંકો પહોંચાડવાની ફરજ ટપાલ ખાતાની છે. તેમ છતાં અંકો ન મળવાની જાણ જે તે માસ ની **૨૫મી તારીખ પછી ગ્રાહક નંબર** સાથે પત્રદ્વારા જ કરવી. આ બાબતે ફોન કરવો હિતાવહ નથી. **૨) તમો જે લેખ જય શુકલેશ્વરમાં પ્રિન્ટિંગ માટે આપો છો તે કોમ્પ્યુટર પર ટાઈપ કરી A4 પેપર પર સેટ કરી મોકલવું હિતાવહ છે.**

# અભિનંદન



## ડૉ. નીલ

ગામ સુલતાનપુર હાલ મણિનગર, અમદાવાદના શ્રીમતિ સોનલબેન તથા ડૉ. હરેશભાઈ ખડુંભાઈ દેસાઈ ના સુપુત્ર ડૉક્ટર નીલ B J Medical College, Gujarat University, Ahmedabad માંથી M.D.,Anesthesiology ની પરીક્ષા કોલેજ માં પ્રથમ ક્રમે ઉત્તીર્ણ થઈને અનાવિલ સમાજ નું નામ રોશન કરેલ છે.

આ સિધ્ધિ બદલ કુટુંબીઓ ખૂબ જ ગૌરવ ની લાગણી અનુભવે છે. તેઓ ખૂબ ખૂબ આગળ વધે અને પ્રગતિ કરે તેબદલ અમારા સૌના આશીર્વાદ.

**:: શુભેચ્છા સહ ::**

સ્વ. લીલાબેન તથા સ્વ. હકુમતરાય રૂદરજી દેસાઈ
(આજી-આજાબાપા) મરોલી હાલ અમદાવાદ

સ્વ. કાંતાબેન તથા સ્વ. ખડુંભાઈ ડાહ્યાભાઈ નાયક
(દાદા-દાદી) સુલતાનપુર હાલ અમદાવાદ

શ્રીમતિ સોનલબેન તથા ડૉ. હરેશભાઈ દેસાઈ M.D.,Consulting Physician
૯૪૨૭૬૦૫૯૧૮/ ૮૧૪૧૫૮૪૮૭૧
ડૉ. વિભૂતિબેન તથા શ્રી હાર્દિકભાઈ દેસાઈ (બેન બનેવી) આયર્લેન્ડ
કુ. આર્યા હાર્દિકભાઈ દેસાઈ (ભાણેજ)

# અભિનંદન



## ડૉ. વિભૂતિ

ગામ સુલતાનપુર હાલ મણિનગર, અમદાવાદના શ્રીમતિ સોનલબેન તથા ડૉ. હરેશભાઈ ખડુંભાઈ દેસાઈ ની સુપુત્રી અને શ્રીમતિ ચારુબેન તથા શ્રી વિરેન્દ્રભાઈ ગુલાબભાઈ દેસાઈ વેગામ હાલ નવસારીની પુત્રવધૂ ડૉક્ટર વિભૂતિ હાર્દિકભાઈ દેસાઈને University of Glasgow, UK માંથી Ph.D. ડિગ્રી આપવામાં આવેલ છે. તેમણે Biotechnological applications of surfactant protein ranaspumin-2 પર thesis લખેલ છે. તેમને kelvin smith scholarship પણ University તરફથી મળેલ છે. જે ફકત એક જ ઈન્ટરનેશનલ સ્ટુડન્ટને મળવા પાત્ર છે. આ પૂર્વે તેમણે Master By Research ની ડિગ્રી University of Manchester માંથી મેળવેલ છે. તેઓ હાલમાં એસોસિએટ સાયન્ટિસ્ટ તરીકે મલ્ટિનેશનલ ફાર્માસ્યુટિકલ કંપનીમાં આયર્લેન્ડ ખાતે કાર્યરત છે. આ ગહન કાર્યમાં તેમના પતિશ્રી હાર્દિકભાઈ નો અમૂલ્ય સહકાર મળેલ છે. તેમણે અનાવિલ સમાજનું નામ રોશન કરેલ છે.

આ સિધ્ધિ બદલ કુટુંબીઓ ખૂબ જ ગૌરવ ની લાગણી અનુભવે છે. તેઓ ખૂબ ખૂબ આગળ વધે અને પ્રગતિ કરે તે બદલ અમારા સૌના આશીર્વાદ.

### :: શુભેચ્છા સહ ::

સ્વ. લીલાબેન તથા સ્વ. હકુમતરાય રૂદરજી દેસાઈ
(આજી-આજાબાપા) મરોલી હાલ અમદાવાદ

સ્વ. કાંતાબેન તથા સ્વ. ખડુંભાઈ ડાહ્યાભાઈ નાયક
(દાદા-દાદી) સુલતાનપુર હાલ અમદાવાદ

શ્રીમતિ સોનલબેન તથા ડૉ. હરેશભાઈ દેસાઈ M.D.,Consulting Physician

૯૪૨૭૬૦૫૯૧૮/ ૮૧૪૧૫૮૪૮૭૧

ડૉ. નીલ દેસાઈ MD. Anesthesia (ભાઈ)

કુ. આર્યા હાર્દિકભાઈ દેસાઈ (સુપુત્રી)

# અભિનંદન



## અ.સૌ. ક્રિના

ગામ એંધલ, જી. નવસારીના શ્રી રાજીવ રમણલાલ દેસાઈ તથા શ્રી સ્મિતા રાજીવ દેસાઈની સુપુત્રી અને સ્વ. રાજેશભાઈ મગનલાલ વશી તથા ગં.સ્વ. સ્મિતાબેન રાજેશભાઈ વશીની પુત્રવધૂ અને કશ્યપ આર. વશીની પત્ની ક્રિના કે. વશી એ વર્ષ ૨૦૧૭-૧૮ ઓગસ્ટમાં નવસારી કૃષિ યુનિવર્સિટી ખાતે અસ્પી કોલેજ ઓફ હોર્ટીકલ્ચર ફોરેસ્ટ્રી કોલેજમાંથી નેચર એન્ડ વાઈલ્ડ લાઈફ ફોટાગ્રાફી કોર્ષમાં (Nature and Wildlife Photography Course) ગોલ્ડ મેડલ પ્રાપ્ત કરેલ છે.

આ સિધ્ધિ બદલ સમગ્ર પરિવાર આનંદની લાગણી અનુભવે છે અને શુભેચ્છા પાઠવે છે કે જીવનના પથ પર હર હંમેશ સફળતાના સોપાનો પાર કરતા રહો...

### :: આશીર્વાદ અને શુભેચ્છા સહ ::

સ્વ. રમણભાઈ લાલભાઈ દેસાઈ
સ્વ. કમુબેન રમણલાલ દેસાઈ
શ્રી રાજીવ રમણલાલ દેસાઈ
શ્રીમતિ સ્મિતા રાજીવ દેસાઈ
હર્ષિત રાજીવ દેસાઈ
નીસા હર્ષિત દેસાઈ

સ્વ. મગનલાલ લલ્લુભાઈ વશી
સ્વ. મણિબેન મગનલાલ વશી
સ્વ.રાજેશભાઈ મગનલાલ વશી
ગં.સ્વ. સ્મિતાબેન રાજેશભાઈ વશી
સિમીત રાજેશ વશી
ખ્યાતિ સિમીત વશી

કશ્યપ રાજેશ વશી
પરી, સાન્વી, અનેરી, ક્રિશીવ

# અભિનંદન



## કુ. હેત દેસાઈ

વ્હાલનો દરિયો એટલે દીકરી,
કુળ દીવડી એટલે દીકરી
અને દીવડીનો ઉજાસ જયારે પોતાની તેજસ્વીતાથી
તેજોમય બને ત્યારે ઘટના ગોરવવંતી બને.

ગામ નવસારી હાલ રાજકોટકના શ્રી આશિષ નરેન્દ્રભાઈ દેસાઈ તથા શ્રીમતિ કિન્નરી આશિષ દેસાઈની સુપુત્રી ચિ. હેત એ "તાંડવનર્તન" ઈન્સ્ટિટ્યૂટ ઓફ ક્લાસિકલ ડાન્સ રાજકોટના માર્ગદર્શન હેઠળ જૂન ૯, ૨૦૧૮ ના રોજ આરંગેત્રમ રજુ કર્યુ હતું. રાજકોટ ખાતે ડી.પી.એસ. માં અભ્યાસ સાથે ભરતનાટયમ નૃત્યકલાની સાધના ૭ વર્ષની વયથી શરૂ કરી હતી. કળા ઉપાસના સાથે અભ્યાસમાં તેજસ્વીતા તથા ચેસની રમતમાં રાજયકક્ષા સુધી ઝળકી અને કિબોર્ડ વગાડવામાં ઉચ્ચ યોગ્યતા પ્રાપ્ત કરેલ છે.

સમગ્ર કાર્યક્રમ ખૂબ જ સફળ રહ્યો હતો. દર્શક તથા કલાગુરૂઓએ મંત્રમુગ્ધ થઈ ત્રણ કલાકની કળાની પ્રસ્તુતિ માણી અને વખાણી હતી.

ભવિષ્યમાં પણ કુ. હેતને દરેક ક્ષેત્રમાં અને કાર્યોમાં પ્રભુ ખૂબ સફળતા આપે એવા આશીર્વાદ તથા શુભકામના.

:: શુભેચ્છા સહ ::

શ્રી આશિષ નરેન્દ્રભાઈ દેસાઈ (પિતા)
શ્રીમતિ કિન્નરી આશિષ દેસાઈ (માતા)
કુ. ગીત આશિષ દેસાઈ (વ્હાલી બહેન)
સ્વ. નરેન્દ્રભાઈ બી. દેસાઈ (દાદા)
ગં.સ્વ. ગીતાબેન એન. દેસાઈ (દાદી)

શ્રી અનિલકુમાર આર. દેસાઈ (નાના, નવસારી)
શ્રીમતિ મીરાબેન એ. દેસાઈ (નાની)
શ્રી જય વી. દેસાઈ (માસાજી, વલસાડ)
શ્રીમતિ કૃતિ જે. દેસાઈ (માસી)
શ્રી આનંદ બી. દેસાઈ (માસાજી, નવસારી, સી.એ.)
શ્રીમતિ પાયલ એ. દેસાઈ (માસી)
કુ. નિત્યા, ઉર્જા, વિહાના, (વ્હાલી બહેનો)

# અભિનંદન



## પ્રિયાંશ

આનંદ સહ જણાવવાનું કે શ્રી જયવદન ડાહ્યાભાઈ દેસાઈ (કોસમાડા) ના પૌત્ર શ્રી સંજયભાઈ દયાળજી દેસાઈ, હનુમાન ભાગડા, વલસાડના દોહિત્ર તેમજ શ્રી ધ્વનિલ નિશિથ દેસાઈના મોટાભાઈ પ્રિયાંશ કે જેઓ પિતાશ્રી નિશિથકુમાર જયવદન દેસાઈની સુરતથી ગુડગાંવ બદલી થવાથી છેલ્લા ૬ વર્ષથી એમિટી ગ્લોબલ સ્કુલ, ગુડગાંવમાં અભ્યાસ કરી રહ્યા હતા. પ્રિયાંશ નિશિથકુમાર દેસાઈ છેલ્લા ૧ વર્ષ દરમ્યાન શાળામાં હેડબોય તરીકે પણ કુશળતા પૂર્વક ફરજ બજાવી ચૂકેલ છે અને અંગ્રેજી ભાષા ઉપર પણ સારું એવું પ્રભુત્વ ધરાવે છે. ધોરણ-૧૨માં આઈ.બી. બોર્ડ દ્વારા લેવાયેલ પરિક્ષામાં ૩૯ ગ્રેડ પોઈન્ટ મેળવી શાળામાં પ્રથમ ક્રમે ઉત્તીર્ણ થવા સદભાગી થયેલ છે.

પરદેશમાં વધુ અભ્યાસ કરવાની મહેચ્છા ધરાવતા પ્રિયાંશ નિશિથકુમાર દેસાઈ અવિરત પ્રયત્નના ફળ સ્વરૂપ બર્કલે યુનિવર્સિટી ઓફ કેલિફોર્નિયા ખાતે એડમિશન મેળવવા માટે ભાગ્યશાળી થયેલ છે અને ત્યાં વધુ અભ્યાસ અર્થે જવાનું નકકી કરેલ છે જે સમગ્ર કુટુંબ માટે અત્યંત આનંદ અને ગૌરવનો વિષય છે. ધોરણ ૧૨ ના વર્ષ દરમ્યાન વિવિધ ક્ષેત્રે મેળવેલ સિધ્ધિઓ બદલ વર્ષના અંતે પ્રિયાંશ નિશિથકુમાર દેસાઈને વેલીડીકટોરીયલ ટ્રોફી એનાયત કરવામાં આવેલ જે એમની આગળની કારકિર્દીના ઘડતર માટે મહત્વનો ભાગ ભજવનાર બની રહેશે.

સમગ્ર કુટુંબ દાદા, દાદી, માતા, પિતા, ફુઈ, ફુવાજી, માસી, માસાજી, આજાબાપા અત્યંત ગૌરવની લાગણી અનુભવે છે. આ ઉપરાંત કુટુંબ, સમાજ, દેશ અને જરૂરિયાતમંદોની સેવા કરે એવી અપેક્ષા રાખે છે. અભ્યાસમાં સતત રત રહી યુનિવર્સિટીમાંથી ગૌરવવંતી સિધ્ધિ પ્રાપ્ત કરી પોતાના વતન કોસમાડા, ગુજરાત અને ભારતમાતાની અસ્મિતાને ચાર ચાંદ લગાડે એવી અંતઃકરણપૂર્વક અભ્યર્થના અને પોતાના સમગ્ર જીવન દરમ્યાન કમાણી કરવા ઉપરાંત સેવાની સુવાસ ફેલાવી જીવનમાં અનન્ય સફળતાને વરે એવી પરમકૃપાળુ પરમાત્માને પ્રાર્થના.

### :: આશીર્વાદ તથા શુભેચ્છા સહ ::

| | |
|---|---|
| સ્વ. ડાહ્યાભાઈ રણછોડજી દેસાઈ, વડદાદા | સ્વ. કમુબેન ડાહ્યાભાઈ દેસાઈ, વડદાદી |
| શ્રી જયવદન ડી. દેસાઈ, દાદા | શ્રીમતિ શકુંતલાબેન જે. દેસાઈ, દાદી |
| શ્રી પ્રવીણભાઈ ડી. દેસાઈ, દાદા | શ્રીમતિ લતાબેન પી. દેસાઈ, દાદી |
| શ્રી સંજયભાઈ દયાળજી દેસાઈ, આજાબાપા | સ્વ. સુરભિબેન એસ. દેસાઈ, આજીબા |
| શ્રી નિશિથકુમાર જે. દેસાઈ, પિતાશ્રી | શ્રીમતિ ભારવીબેન એન. દેસાઈ માતૃશ્રી |
| શ્રી ધ્વનિલ નિશિથ દેસાઈ, નાનો ભાઈ | કુ. જોયલ મિલન દેસાઈ, ફુઈઆત બેન |

# અભિનંદન



## ડૉ. નિગમ દેસાઈ Ph.D.

સ્વ. મનુભાઈ પરાગજી નાયક અમલસાડના પૌત્ર ડૉ. જયેશભાઈ દેસાઈ તથા શ્રીમતિ શોભનાબેન દેસાઈના સુપુત્ર ચિ. નિગમ દેસાઈ ને ઉકા તરસાડિયા યુનિવર્સિટી બારડોલી તરફથી રસાયણશાસ્ત્ર વિષયમાં Ph.D. ની પદવી એનાયત થઈ છે. સમગ્ર પરિવાર આ વિરલ સિધ્ધિ બદલ ગૌરવ અનુભવે છે અને ભવિષ્યની ઉજ્જળ કારકિર્દી માટે શુભેચ્છા અને આશીર્વાદ પાઠવે છે.

**:: સૌજન્ય ::**

સ્વ. મનુભાઈ પરાગજી નાયક (દાદા)
ગં.સ્વ. મધુબેન મનુભાઈ નાયક (દાદી)
ડૉ. જયેશભાઈ મનુભાઈ દેસાઈ (પપ્પા)
શોભનાબેન જયેશભાઈ દેસાઈ (મમ્મી)
દીપમ મનુભાઈ દેસાઈ (કાકા)
અનીતા દીપમ દેસાઈ (કાકી)
ડૉ. અભિજિત જયેશભાઈ દેસાઈ (ભાઈ)
સ્નેહ અભિજિત દેસાઈ (ભાભી)
એકતા (ઈશા) નિગમ દેસાઈ (પત્ની)
કવિન દીપમભાઈ દેસાઈ
દ્રષ્ટિ કવિન દેસાઈ
મેઘ જનકભાઈ દેસાઈ
કૃતિ મેઘ દેસાઈ
મેહા અભિજિત દેસાઈ (ભત્રીજી)

સ્વ. જગદીશભાઈ હસમુખરાય દેસાઈ (મોરાભાગડા)
ગં.સ્વ. કીર્તિબેન જગદીશભાઈ દેસાઈ
શૈલેષભાઈ હસમુખરાય દેસાઈ
અમિષાબેન શૈલેષભાઈ દેસાઈ
જય શૈલેષભાઈ દેસાઈ
કૃણાલભાઈ પ્રમોદભાઈ વશી
ઋતા કૃણાલભાઈ વશી
ચિ. પંકિત તથા ચિ. હિયા
ગં.સ્વ. કુસુમબેન મગનલાલ નાયક (આજીબા)
ઠાકોરભાઈ ભગવાનજી નાયક (પોંસરા)
રમેશચંદ્ર મગનલાલ નાયક (મામા)
નીતા રમેશચંદ્ર નાયક (મામી)
પ્રવીણ મનુભાઈ નાયક (મામા)
કીર્તિકા પ્રવીણભાઈ નાયક (મામી)

# અભિનંદન



## ચિ. હર્ષિત

મૂળ ગામ મોલધરા હાલ સચીનના શ્રી પ્રવીણભાઈ નાયક તથા અ.સૌ. કીર્તિબેન (બિનાબેન) નાયકના સુપુત્ર ચિ. હર્ષિતે (NYIY) ન્યૂયોર્ક ઈન્સ્ટીટયૂટ ઓફ ટેકનોલોજીમાંથી માસ્ટર ઓફ કોમ્પ્યુટર સાયન્સની પરીક્ષા પ્રથમ વર્ગમાં ઉત્તીર્ણ કરી છે.

ચિ. હર્ષિતને તેની આ સિધ્ધિ બદલ ખૂબ ખૂબ અભિનંદન અને હાર્દિક આશીર્વાદ સાથે તેના ક્ષેત્રમાં ઉત્તરોત્તર પ્રગતિ કરે એવી અંતરની શુભેચ્છા સહ.

**■ :: આશીર્વાદ સહ ગૌરવ લેનાર પરિવારજનો :: ■**

પ્રવીણભાઈ શાંતિલાલ નાયક (પિતા) ૯૯૧૩૩ ૯૨૬૬૬
કીર્તિબેન પ્રવીણભાઈ નાયક (માતા) ૯૮૯૮૨૭૩૨૦૨
અંકિતાબેન હાર્દિકભાઈ દેસાઈ (બહેન)
હાર્દિકભાઈ રોહિતભાઈ દેસાઈ (બનેવી)

શ્રી પ્રવીણભાઈ નાયક
૮૪, સાંઈ દર્શન રો-હાઉસ, સચીન ગ્રામ પંચાયત ઓફિસ પાસે,
સુરત-નવસારી રોડ, સચીન-૩૯૪૨૩૦, સુરત.

# પ્રથમ અશ્રુભરી શ્રધ્ધાંજલિ





## સ્વ. ઈલાબેન મહેન્દ્રભાઈ દેસાઈ

સ્વ. તિથિ ભાદરવા વદ એકાદશી તા. ૧૬/૦૯/૨૦૧૭
મૂળ હનુમાન ભાગડા, વલસાડ હાલ સુરત

પ્રભુએ આપને મનુષ્ય તરીકે જન્મ આપ્યો. પવિત્ર જીવન જીવી ગયા, માનવ ધર્મ જીવનભર નિભાવ્યો અને પરિવારમાં માનવ ધર્મનું સિંચન કરતા રહ્યા. અમો એ ધર્મ પ્રમાણે પગલાં ભરતા ગયા અને પ્રભુ એ પ્રમાણે ફળ પણ આપતા ગયા. એનું પ્રમાણ એજ કે આપનો દેહ વિલય થયો પણ હર પળે આપ અમારી વચ્ચે જ છો એવો અહેસાસ આજે પણ રહે છે અને કાયમ રહેશે જ. આત્મા અમર છે પરંતુ આત્મા એ તમારો દેહ છોડયો ત્યારે એમને પણ દુઃખ થયું હશે. આપના પરમ આત્માને પ્રભુ પરમ શાંતિ અર્પે એવી પરિવારજનોની પ્રાર્થના.

### લિ. તમારી પ્રેરણા સ્મૃતિમાં

શ્રી મહેન્દ્રભાઈ મગનભાઈ દેસાઈ

મેઘા દેવાંગ દેસાઈ — દેવાંગ મહેન્દ્ર દેસાઈ (DUBAI)
અમૃતા કૃણાલ દેસાઈ — કૃણાલ મહેન્દ્ર દેસાઈ
હેમાલી તેજસ દેસાઈ — તેજસ હર્ષદભાઈ દેસાઈ (U.S.A.)

સીયા - આર્યા - નિષ્કા

એ-૨૦૨, વેસ્ટર્ન સિટી એપાર્ટમેન્ટ, એલ.પી. સવાણી સ્કૂલ પાછળ, પાલ, સુરત
ફોન નં. : ૦૨૬૧ - ૨૭૩૧૭૮૮

# શ્રી ગાયત્રી કૃપા મેડિકલ સ્ટોર

davaindia™ GENERIC PHARMACY

બી-૧, પટેલ ટાવર, એસ.ટી. બસ સ્ટેન્ડની સામે, બારડોલી

30% થી ૯૦% સુધી દવાઓ પર બચત (દવા એજ કિંમત સાચી)

**સંપર્ક : ૭૯૯૦૬ ૬૪૯૨૩**

જનકભાઈ ઠાકોરભાઈ નાયક    કેયૂર જનકભાઈ નાયક    પાર્થ જનકભાઈ નાયક

## કોમ્પ્યુટર સેલ્સ એન્ડ સર્વિસ
યુ.જી. ૪, રાજ આર્કેડ, ગેલેક્ષી સર્કલ પાસે, પાલ, સુરત
મો. ૯૮૨૮૮ ૬૮૮૦૮ / ૯૯૨૫૬ ૮૮૮૦૦

## ગાયત્રી એન્ટરપ્રાઈઝ
એન્જીનિયરિંગ સામાન
અંબાકૃપા શોપિંગ સેન્ટર, કડોદરા, સુરત
મો. ૯૮૭૯૯ ૨૦૩૦૪

## હનુમંત મેડીસીન
ગોડાદરા, સુરત
મો. ૯૯૨૫૦ ૦૫૯૯૮, ૯૨૬૫૫ ૨૧૭૬૨

### શુભેચ્છક

| | | | |
|---|---|---|---|
| દિવ્યા પ્રજ્ઞેશકુમાર દેસાઈ | વલસાડ | જીજ્ઞા કેયૂરકુમાર નાયક | (U.S.A. / ઑંડચ) |
| પ્રેયશકુમાર ગિરીશભાઈ દેસાઈ | ” | કેયૂરકુમાર અશોકભાઈ નાયક | ” ” |
| નેહા અલ્પેશકુમાર દેસાઈ | વલસાડ | ગાયત્રી અભિકકુમાર નાયક | વડોદરા |
| અલ્પેશકુમાર રમેશભાઈ દેસાઈ | ” | અભિકકુમાર જનકભાઈ નાયક | ” |
| કોમલ નિર્ભયકુમાર દેસાઈ | વડોદરા | | |
| નિર્ભયકુમાર અરૂણભાઈ દેસાઈ | ” | | |

### આશીર્વાદ અને શુભેચ્છા સહ

મધુબેન ઠાકોરભાઈ નાયક-સાંકી

હર્ષદભાઈ ઠાકોરભાઈ નાયક-સાંકી
ભાવનાબેન હર્ષદભાઈ નાયક-સાંકી
રોશન અર્જુનભાઈ નાયક તથા ઠાકોરભાઈ નાયક પરિવાર

અર્જુનભાઈ ઠાકોરભાઈ નાયક-સાંકી
જાગૃતિબેન અર્જુનભાઈ નાયક-સાંકી

મુ. સાંકી, પો. કરણ, તા. પલસાણા, જી. સુરત-૩૯૪ ૩૦૫



ચિ. નિધિ નાયક

## -: અભિનંદન :-

નિધિ સંદીપ નાયક (સોનવાડી) સર્ટિફાઈડ ફાયનાન્સિયલ પ્લાનર (CFP) ની મહત્વની પરીક્ષામાં ઉત્તીર્ણ થયા છે. બી.કોમ., એલ.એલ.બી. બાદ સી.એ. નો અભ્યાસ કરતાં કરતાં એમણે CFP જેવી મહત્વની પદવી હાંસલ કરી છે. જેનું અમો સૌને આનંદ અને ગૌરવ છે.

હાલ નિધિ દક્ષિણ ગુજરાતની અગ્રણી વેલ્થ મેનેજમેન્ટ કંપની 'હાર્દિક નાયક વેલ્થ મેનેજમેન્ટ પ્રાઈવેટ લિમીટેડ' માં પોર્ટફોલિયો મેનેજર અને ફાયનાન્સિયલ પ્લાનરની જવાબદારી બજવે છે.

કુ. નિધિની વ્યકિતગત અને વ્યવસાયિક જીવનમાં ઉત્તરોત્તર પ્રગતિ થાય એવી અમારા સૌ પરિવારોની હૃદય પૂર્વકની શુભેચ્છાઓ !

**-: શુભેચ્છા સહ :-**

સ્વ. ભીમાભાઈ મણિભાઈ નાયક પરિવાર

ગં.સ્વ. સુશીલાબેન બળવંતરાય નાયક
સોનલ સંદીપ નાયક
અમિતા સનતભાઈ વશી
મેઘા હાર્દિક નાયક

સ્વ. બળવંતરાય (છનુભાઈ) ભીમભાઈ નાયક
સંદીપ બળવંતરાય નાયક
સનતભાઈ સુમનભાઈ વશી (વલસાડ અબ્રામા-કુવાજી)
હાર્દિક રમેશભાઈ નાયક

જીજ્ઞેશ રમેશભાઈ દેસાઈ (NJ GROUP)

ANAVAL OFFICE 7979 OCT. 2018

## લગ્નવિષયક

નામ :
જન્મ તારીખ : સમય : જન્મ સ્થળ :
કુંડળી : ઉંચાઈ :
અભ્યાસ :
વ્યવસાય :
પિતાનું નામ :
માતાનું નામ :
ભાઈ / બહેન :
રહેઠાણ : કોઈ પણ એક સરનામું
વતન :
મોસાળ :
ઈ-મેઈલ : કોઈ પણ એક ઈ-મેઈલ એડ્રેસ
સંપર્ક : કોઈ પણ નજીકના જ ૬ (છ) સંપર્ક નામ, ફોન નંબર આપવા
નોંધ :

**લગ્નવિષયક ફોરમેટ આ માળખા મુજબ જ ફકત ગુજરાતીમાં જ સ્વીકારવામાં આવશે.**

**નોંધ : (૧) પોતાની જમીન બાબતે (ફ્લેટ નહિ). (૨) વિદેશથી આગમન - ચોક્કસ ફેકટલ્ટી પસંદગી. કોમ્પ્યુટર પ્રિન્ટત્રણનકલ - આખા પાનામાં - ગુજરાતીમાં જ જા×ખ આપી શકાય. આ સિવાયની બીન જરૂરી વિગતો દૂર થશે.**

# શ્રી અનાવિલ સંસ્કાર ટ્રસ્ટ, નવસારી

(ટ્રસ્ટ રજી. નં. ઈ-૧૫૨૫-વલસાડ)

**શ્રી રતનજી દુર્લભભાઈ પટેલ અનાવિલ સંસ્કાર ભવન**

'સ્વપ્નલોક', કાલીયાવાડી પૂલ પાસે, નવસારી.
PHONE: 99248 91872, 02637-254034
www.anavilsanskartrust.org
anavilsanskartrust@gmail.com

## શ્રી અનાવિલ સંસ્કાર ટ્રસ્ટ ની પ્રવૃતિઓ

- અનાવિલ મહિલા ગૃહ ઉદ્યોગ
- અનાવિલ અતિથિ ગૃહ
- અનાવિલ ઉદ્યોગ વિકાસ
- રાહતદરે સેમીનાર હોલ અને કોન્ફરન્સ હોલ
- અનાવિલ વિધવા સહાય
- અનાવિલ તબીબી સહાય
- અનાવિલ મેળો – વાનગી મેળો
- અનાવિલ ગરબા સ્પર્ધા, ભજન સ્પર્ધા, લગ્નગીત સ્પર્ધા, ખાયણા સ્પર્ધા, અંતાક્ષરી સ્પર્ધા
- અનાવિલ મહિલા સહાયક શિક્ષણ
  કુકીંગ ક્લાસ, કોમ્પ્યુટર ક્લાસ, સ્પોકન ઈંગ્લીશ ક્લાસ
- અનાવિલ બાળ વિકાસ પ્રવૃતિઓ
  બાળ વાર્તા, દાદીમાં ની વાર્તા, કહેવત વિશ્વ, વકતૃત્વ, ક્વીઝ, લીડરશીપ કેમ્પ, ચિત્રકામ, મહેંદી, ફેન્સી ડ્રેસ, અલુણા સ્પર્ધા, બાળ રમતો
- સાદાઈ થી લગ્ન અને બેસણા માટે વિનામૂલ્યે હોલ

### હોદેદારો

શ્રી મહાદેવભાઈ આર. દેસાઈ - પ્રમુખ
શ્રી હાર્દિક આર. નાયક - મંત્રી
શ્રી ગીરીશભાઈ એચ. દેસાઈ - ઉપપ્રમુખ
શ્રી પ્રકાશભાઈ આઈ. દેસાઈ - સહમંત્રી
શ્રીમતિ ગીતાબેન એન. નાયક - કોષાધ્યક્ષ

### સૌજન્ય દાતાશ્રીઓ

શ્રી ધીરુભાઈ ગુલાબભાઇ મહેતા - અતિથિ ભવન
શ્રી ડો. રતિલાલ ગોપાળજી દેસાઈ - સભાગૃહ
શ્રીમતિ લીલાવતીબેન અને શ્રી છોટુભાઈ ભીમભાઇ દેસાઈ - શૈક્ષણિક પ્રવૃત્તિ કેન્દ્ર
શ્રીમતિ બટુબેન અને શ્રી જસવંતરાય હરરાય દેસાઈ - મહિલા પ્રવૃત્તિ કેન્દ્ર
શ્રી અજિતરાય ભીમભાઇ દેસાઈ - યુવા પ્રવૃત્તિ કેન્દ્ર
શ્રીમતિ રમણકાન્તાબેન અજિતરાય દેસાઈ - બાલ પ્રવૃત્તિ કેન્દ્ર
શ્રીમતિ ઇચ્છાબેન ભગવાનજી વશી - તબીબી સહાય કેન્દ્ર
શ્રી રમેશચંદ્ર ભીખુભાઈ દેસાઈ (દાંડીવાલા) - ભોજનખંડ
શ્રી બી. એન. દેસાઈ (દાંડીવાલા) - સેમિનાર હોલ



# શ્રી શુકલેશ્વર મહાદેવ મંડળ, અનાવલ
# શિષ્યવૃતિ - ગરીબ વિદ્યાર્થી શૈક્ષણિક આર્થિક સહાય

આ શિક્ષણ સહાયના ફોર્મ માટે સ્વચ્છ અક્ષરે લખેલ પોતાના નામ-સરનામા સાથેનું કવર મેનેજરશ્રી શુકલેશ્વર ધામ, મુ.પો. અનાવલ, તા. મહુવા, જી. સુરત - ૩૯૬ ૫૧૦ ને નામે મોકલવા. આ ફોર્મ વિતરણ શરૂ થયા છે. **તા. ૨૦-૧૧-૨૦૧૮** આ વિગત સભર ફોર્મ સ્વીકારવાની છેલ્લી તારીખ છે. એ પછી ફોર્મ સ્વીકારવામાં આવશે નહિ. પોતાના પુત્ર-પુત્રી માટે આ સહાય મેળવવા ઇચ્છતા વાલીઓ પણ સર્તક થાય.

આ વિદ્યાશાખામાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ/વિદ્યાર્થીનીઓ ને ઉપરોકત સહાય કરવામાં આવે છે.

મેડિકલ, એન્જિનિયરિંગ, ફાર્મસી, સાયન્સ, કોમર્સ, આર્ટ્સ, કોમ્પ્યુટર સાયન્સ, સ્થાપત્ય કલાના ડિપ્લોમા, સ્નાતક, અનુસ્નાતક કક્ષા, વિવિધ કલાના ડિગ્રી-માસ્ટર્સ, બીપીએનએ - નર્સિંગ અભ્યાસક્રમો તથા ધો. ૧૧-૧૨ ફકત વિજ્ઞાન પ્રવાહ.

**નોંધ : -** અરજી કરનાર વિદ્યાર્થીઓ/વિદ્યાર્થીનીઓએ બેંકની પાસબુકની નામ અને એકાઉન્ટ નંબર વાળા પાનાની ઝેરોક્ષ નકલ સાથે મોકલવાની રહેશે.

**-: વધુ માહિતી માટે સંપર્ક કરો :-**

મેનેજરશ્રી
શુકલેશ્વર ધામ, મુ.પો. અનાવલ, તા. મહુવા, જી. સુરત - ૩૯૬ ૫૧૦
**કાર્યાલય મો. નંબર : ૦૯૪૨૬૨ ૧૫૨૪૦ સમય : સવારે ૮ થી ૧૨, સાંજે ૨ થી ૬**
**ફોન : (૦૨૬૨૫) ૨૫૨૨૪૦, ૨૫૨૧૨૮**